Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

THE ATMANAND PRAKASH REGISTERED No. B. 431

{ श्रीमद्विजयानन्दसूरिसद्गुरुभ्यो नमः }

श्री

# आत्मानन्द प्रकाश.

{ सेव्यः सदा सद्गुरु कल्पवृक्षः }

शान्तिः स्वान्तप्ररूढा भवति भवततिभ्रान्तिरुन्मूलिता च
ज्ञानानन्दोह्यमन्दः प्रसरति हृदये तात्त्विकानन्दरम्यः ।
अर्हद्वाणीविनोदो विशदयति मनः कर्मकक्षानलाभ्मः
आत्मानन्दप्रकाशो यदि भवति नृणां भावभृद्-हृद्विकाशः ॥

पुस्तक १२. } वीर संवत् २४४१ फाल्गुन. आत्म सं. १९. { अंक ८ मो.

प्रकाशक-श्रीजैन आत्मानन्द सभा. भावनगर.

विषयानुक्रमणिका.


| નંબર. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|
| ૧ | પ્રભુ સ્તુતિ ગુરૂસ્તુતિ ... | ...૨૦૧ |
| ૨ | ગુરૂ સ્તુતિ... ... ... | ...૨૦૨ |
| ૩ | પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું વ્યાખ્યાન ૮ મું... ... | ૨૦૨ |
| ૪ | આશ્રવમિમાંસા... ... | ૨૦૯ |
| ૫ | એક સમાલોચનાકારની અજ્ઞાનતા | ૨૧૮ |
| ૬ | પૂર્ણસ્વરૂપાષ્ટક... ... ... | ૨૨૨ |
| ૭ | મુનિવિહારથી થતા લાભો | ... ૨૨૩ |
| ૮ | વિવેકાચરણ ... ... | ... ૨૨૬ |
| ૯ | જૈનોન્નતિ ... ... | ... ૨૨૮ |
| ૧૦ | નિરાધાર શ્રાવિકાઓ માટે ખોલવામાં આવેલું સુરતમાં ફંડ | ... ૨૩૧ |
| ૧૧ | વર્તમાન સમાચાર ... | ... ૨૩૨ |


વાર્ષિક—મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમારો સત્કાર.

## "દેશી વેપારી ચેમ્બર" (માસિક)

પ્રગટ કર્તા, મુંબઇની ધી ચેમ્બર ઓફ કોમર્સ પુસ્તક છઠું ફેબ્રુઆરી અંક ૮ મો ૧૯૧૪ માં જણાવે છે કે—ભાવનગર ખાતેની શ્રી જૈન આત્માનંદ સભા તરફથી સંવત ૧૯૬૬ થી ૧૯૬૮ સુધીનો ત્રિવાર્ષીક રીપોર્ટ અમારા તરફ મોકલી આપવામાં આવ્યો છે તેની આભાર સાથે પહોંચ સ્વીકારવા રજા લઇએ છીએ. આ રિપોર્ટ ઉપરથી જણાય છે, કે જે ઉચ્ચ હેતુથી આ સભાની સ્થાપના થઇ છે, તે જાળવી રાખવા ઉતમ પ્રયાસ કરવામાં આવે છે. આ સભા તરફથી આત્માનંદ પ્રકાશ નામનું માસિક ચોપાનિયું બહાર પાડવામાં આવે છે, અને તેમાં ધાર્મિક, નૈતિક, વ્યહવારિક વિષયો ચર્ચવામાં આવે છે. તેનું લવાજમ વરસ ૧ નો રૂા. ૧) એકજ રાખવામાં આવ્યો છે, આ સભા તરફથી ધર્મને લગતા ઉપયોગી ગ્રંથો પ્રસિદ્ધ કર્યાથી ભેટ આપવાના પ્રયાસો કરવામાં આવે છે, અને તે ખરેખર પ્રશંસનિય છે. આ સભા તરફથી પ્રસિદ્ધ થતાં પુસ્તકોનો બહોળો ફેલાવો કરવા પણ યોગ્ય પ્રયાસ કરવામાં આવે છે. આ સભાએ આત્માનંદ ભવનના નામનું એક જ્ઞાનલય બંધાવેલું છે. આ જ્ઞાનાલયમાં પુસ્તકો સાચવી રાખવા આ સભા સારો પ્રયાસ કરે છે, અને કેટલાએક સાધુ મુનિમહારાજોના પોતાના ઉપયોગનાં પુસ્તકો, પ્રતો, ગ્રંથો વિગેરે પણ આ સભાના મકાનમાં રક્ષણાર્થે આવેલા છે. આવી રીતે જો જુનાં પુસ્તકોનો સંગ્રહ એક સ્થાને થઇ જાળવી રાખવામાં આવે તો તે ભવિષ્યમાં ઘણાં ઉપયોગી થઇ પડયા વિના રહે નહીં. આવી રીતે આ સભા ધર્મ અને કેળવણીના પ્રચાર માટે ઘણું અગત્યનું કામ બજાવી રહી છે, અને અમો તેના તે કાર્યમાં તેને ફતેહ ઇચ્છીએ છીએ.

## આ સભા તરફથી હાલમાં નવા છપાયેલા ગ્રંથો.

| | | |
|---|---|---|
| ૧ જૈન ગ્રંથ ગાઇડ. (જૈન માર્ગદર્શક ભોમીયો) | | રૂા. ૧—૦—૦ |
| ૨ શ્રી જંબુસ્વામી ચરિત્ર. (ભાષાંતર) | | ,, ૦—૮—૦ |
| ૩ શ્રાદ્ધગુણ વિવરણ. | (સંસ્કૃત) | ,, ૦-૧૦-૦ |
| ૪ ધર્મરત્ન લઘુ ટીકા. | ,, | ,, ૦-૧૨-૦ |
| ૫ સમ્યકત્ત્વ કૌમુદિ. | ,, | ,, ૦-૧૦-૦ |
| ૬ પંચસૂત્ર સટીક. | ,, | ,, ૦—૬—૦ |
| ૭ ચંપકમાલા કથા. | ,, | ,, ૦—૬—૦ |
| ૮ અલ્પબહુત્વ વિચાર | ,, | ,, ૦—૨—૦ |
| ૯ સુદર્શના ચરિત્ર. | ,, | ,, ૦—૩—૦ |
| ૧૦ આચારોપદેશ. | ,, | ,, ૦—૩—૦ |
| ૧૧ રોહિણી અશોકચંદ્ર કથા. | ,, | ,, ૦—૨—૦ |
| ૧૨ શ્રી નવાણું પ્રકારી પૂજા વિસ્તારથી અર્થ સહિત | | ૦—૮—૦ |

માત્ર સંસ્કૃત ગ્રંથો જ જ્ઞાનભંડાર અને તેના અભ્યાસી મુનિ મહારાજાઓને તેઓના વિદ્યમાન (હૈયાત) વડિલ મુનિરાજોની લેખીત આજ્ઞાથી પોષ્ટેજ પૂરતા પૈસાનું (શ્રાવકના નામનું વી० પી० કરી મોકલવામાં આવે છે. બીજાઓને ઉપરની કિંમતથી મોકલવામાં આવશે. પોસ્ટેજ જુદુ.)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# आत्मानन्द प्रकाश.

इह हि रागद्वेषमोहाद्यभिभूतेन संसारिजन्तुना
शारीरमानसानेकातिकटुकदुःखोपनिपात-
पीडितेन तदपनयनाय हेयोपादेय-
पदार्थ परिज्ञाने यत्नो विधेयः॥

पुस्तक १२] वीर संवत् २४४१, फाल्गुन. आत्म. संवत् १९ [अंक ८ मो.

## પ્રભુસ્તુતિ.

### શાર્દૂલવિક્રીડિત.

જે [1]પૂર્વે શુભદેશના વચનના ગર્જારવે ગાજતા,
જે ભારે શુભ ભાવના જલતણી વર્ષા કરી [2]રાજતા;
શ્રી [3]ભામંડળ વિદ્યુતે ચળકતા [4]પર્ષદ્ નભે જે ઘણાં,
તે શ્રીવીર [5]ઘનેરા નિત્ય હરજો [6]દુર્ભિક્ષ પુણ્યોતણાં. ૧

## ગુરૂસ્તુતિ.

### શિખરિણી.

અપારે સંસારે [1]અભયકર આલંબન ધરે,
[2]સુબોધી સ્નેહે જે [3]અમિત ઉપકારો અતિ કરે;
રહે [4]**આત્મારામે** રમણ કરી અધ્યાત્મ રસમાં,
સદા જામી પ્રેમે ગુરૂવર નમો તે સુર [5]સમા. ૨

---

૧ પૂર્વકાળે. ૨ શોભતા. ૩ ભામંડલરૂપી વિજલીથી. ૪ સમવસરણની પર્ષદા રૂપી આકાશમાં. ૫ શ્રી મહાવીર ભગવાનરૂપી મેઘ. ૬ પુણ્યના દુકાળનો નાશ કરો એટલે પુણ્યનો સુકાળ કરો.

૧ અભય કરનારો ટેકો આપે છે. ૨ સારો બોધ આપી. ૩ ઘણાં. ૪ આત્માના આરામમાં રહે બીજો અર્થ શ્રી આત્મારામજી મહારાજ. ૫ સુર સમાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## गुरुस्तुति.

વંદન આતમરામ મુની ! જગવંદ્ય મુનિશ્વર તુજ સૂરી !
શુદ્ધ ચારિત્ર ધારક, પ્રભુ પંથ પ્રવર્ત્તક ધન્ય સૂરી !
કુમત ત્યાગી, દૃઢ વૈરાગી; સમતા સંગી, વંદ્ય સૂરી !
કુળોદ્ધારક, શાસન નાયક; પુન્ય પ્રભાવક, આત્મ સૂરી !
મિથ્યાત્વવાદી નિજમદ ત્યાગી; તમ ચરણે આવી નમતા જ સૂરી !
ગુણાનુરાગી, વિદેશવાસી; મૂર્ત્તિ સ્થાપી પૂજતાજ સૂરી !
ઉજ્વલ કીર્ત્તિ, રવિ જ્યોત પ્રકાશી; દશદીશ ગાજી રહીજ સૂરી !
નિત્ય જ્ઞાને મચી, સુ ગ્રંથ રચી; અંધકાર હણ્યો જગતાત્ સૂરી !
આત્મજ્યોત જગાવી, સ્થુળ દેહ ત્યાગી; તમ બાળવિયોગી દ્યો દર્શન સૂરી !
સુપંથે વિચરવા, તમ ધ્યાનજ ધરવા; શુભ મતિ અર્પો હે ભવ્યસૂરી !
શાન્તિ અર્પો, અમી વર્ષાવો; શાસન રક્ષો રક્ષક સૂરી !
ધર્મઝુંડ લઇને, વિહાર કરતા; તમ ગુણ ગાતાં કમળસૂરી !
**વીર** વિખ્યાતા, **કાન્તિ** જ્ઞાતા; હંસ છે **વલ્લભ** તમ શિષ્ય સૂરી !
મન હર્ષ અતિ તમ ગુણ ગાતાં; જયંતી દિને, વિશ્વવંદ્ય સૂરી !
કલ્યાણકારક, નામ નિરંતર; ભવિજન વંદે તમ પાય સૂરી !

(दर्शनाभिलाषी.)

## પન્યાસજી શ્રીમદ્ દાનવિજયજી મહારાજનું

## (વ્યાખ્યાન ૮ મું.)

(ગતાંક પૃષ્ટ ૧૮૩ થી શરૂ.)

### જગત્કર્તૃત્વ સંબંધે કિંચિત્ વિચાર.

આજ સુધીમાં દેવ, ગુરૂ, ધર્મનું સ્વરૂપ તથા સાધુ અને ગૃહસ્થધર્મ તથા તે ધર્મને યોગ્ય થવાના ગુણોનું કિંચિત્ સ્વરૂપ તથા મૂર્ત્તિ સ્થાપન વિષે કિંચિત્ કહેલ છે. હવે જગત્ અનાદિ છે, અથવા જગત્‌ના કર્ત્તા કોઈ છે તે વિષય કિંચિત્ સ્વરૂપ કહીએ છીએ, તેના યોગ્યાયોગ્યનો વિચાર કરવો તે આપ બુદ્ધિમાનોને આધિન છે.

जगत्संभवस्थेमविध्वंसरूपै, रलीकेंद्रजालै र्न यो जीवलोकं ॥
महामोहकूपे निचिक्षेप नाथ स एक परात्मा गतिर्मे जिनेंद्रः ॥ १ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—જગતનું ઉત્પન્ન કરવું, તેની રક્ષા કરવી, અને તેને નાશ કરવો એવી જુઠી ઇંદ્રજાલે કરીને જે પરમ દેવે આ જીવલોકને મહા મોહરૂપ કુવામાં નાંખેલો નથી, તેવા એક સ્વામી જીનેંદ્રદેવ પરમાત્મા મારી ગતિને કરવાવાલો હો.૧

**શિષ્ય**–જગતનો કર્ત્તા કોણ છે ?

**ગુરૂ**—જગત્ અનાદિ છે, તેનો કર્ત્તા કોઇ નથી.

**શિષ્ય**–કર્ત્તા વિના કોઇ વસ્તુ બને નહીં–તર્કસંગ્રહની ચંદ્રોદય નામની ટીકામાં કહ્યું છે કે,—

**जगतां यदि नो कर्त्ता, कुलालेन विना घटः ॥**
**चित्रकारं विना चित्रं, स्वत एव नवेत्तदा ॥ १ ॥**

**અર્થ**—જગતનો કર્ત્તા જો કોઈ ન હોય તો કુંભારના વિના ઘડો તથા ચિતારા વિના ચિત્ર પણ સ્વયં થાય તેમ થતું નથી માટે કોઇ કર્ત્તા હોવાનો સંભવ છે.

**ગુરૂ**—જગતનો કોઇ કર્ત્તા માનીએ તો બહુ જ દૂષણો આવે છે. તે દૂષણો અનુક્રમેથી આગળ કહીશું. પ્રથમ તમે કહો કે જગતનો કર્ત્તા કોને માનો છો? શ્રી હરિભદ્રસૂરિ મહારાજે લોકતત્ત્વ નિર્ણયમાં કહ્યું છે કે,—

**वैष्णवं केचिदिच्छंति, केचित्कालकृतं जगत् ॥**
**ईश्वरप्रेरितं केचित्, केचित् ब्रह्मविनिर्मितम् ॥ १ ॥**

**અર્થ**—જગતને કોઇ વિષ્ણુનું કરેલ કહે છે, કોઈ કાળકૃત કહે છે, કોઇ ઇશ્વરની પ્રેરણાથી થયેલ માને છે, અને કોઇ બ્રહ્માનું બનાવેલ કહે છે. ઇત્યાદિ નાના પ્રકારના જગતકર્ત્તા મતાવલંબીઓએ માનેલ છે.

**શિષ્ય**–જગતના રચનાર વિષ્ણુ ભગવાન્ જ છે, અને તેથી જ વિષ્ણુ વિના બીજાની ઉપાસના નિષેધ કરી છે. ચંદ્રોદયને વિષે કહ્યું છે કે,—

**वासुदेवं परित्यज्य, य उपास्तेऽन्यदैवतम् ॥**
**तृषितो जान्हवीतीरे, कूपं खनति दुर्मतिः ॥ १ ॥**

**અર્થ**—જે પુરૂષ વિષ્ણુ ભગવાનને છોડીને અન્ય દેવની સેવા કરે છે, તે ખોટી બુદ્ધિવાળો તૃષાતુર થયેલો ગંગાના કાંઠા ઉપર કુવાને ખોદે છે.

**ગુરૂ**—તમારૂં કહેવું સત્ય છે કે કેમ તેનો વિચાર કરો. તેજ ચંદ્રોદયમાં વિષ્ણુનું ખંડન કરી મહાદેવની સેવા કરવા કહેલ છે. જુઓ કે,—

**महादेवं परित्यज्य, य उपास्तेऽन्यदैवतम् ॥**
**स मूढो विषमश्नाति, सुधां त्यक्त्वा क्षुधातुरः ॥ १ ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થ—જે પુરૂષ મહાદેવને ત્યાગીને બીજા દેવની સેવા કરે છે તે, મૂર્ખ ભૂખ્યો થયો થકો અમૃતને ત્યાગીને વિષનું ભક્ષણ કરે છે. આ પ્રમાણે વિરોધ હોવાથી કયા ઇશ્વરને કર્ત્તા તરીકે માનવા ?

શિષ્ય- વિષ્ણુ ભગવાનને જ માનવા, કારણ કે સેવકના ઉદ્ધારને માટે તેજ વારંવાર જન્મ લે છે. શ્રી ભગવદ્ગીતામાં કહ્યું છે કે—

यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भारत ॥
अभ्युत्थानमधर्मस्य, तदात्मानं सृजाम्यहम् ॥ १ ॥
परित्राणाय साधूनां, विनाशाय च दुष्कृताम् ॥
धर्मसंस्थापनार्थाय, संभवामि युगे युगे ॥ २ ॥

અર્થ—હે અર્જુન ! જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે, અને અધર્મની ઉત્પત્તિ થાય છે, ત્યારે ત્યારે હું આત્માને સરજું છું (અવતાર ધારણ કરૂં છું.) ૧ (શા કારણથી અવતાર ધારણ કરે છે તે કહે છે) સાધુઓના રક્ષણ માટે, પાપીઓના નાશ માટે, અને ધર્મની સ્થાપના માટે હું દરેક યુગયુગમાં અવતાર લઉં છું. ॥ ૨ ॥

આ પાઠથી વિષ્ણુ ભગવાન્ જ જગત્કર્ત્તા સિદ્ધ થાય છે.

ગુરૂ—આ તમારા કહેવાથી વિષ્ણુ તો યુગયુગમાં અવતાર ધારણ કરે છે, પણ જગત્ની રચના કર્ત્તા સિદ્ધ થતા નથી. વળી જે અવતાર ધારણ કરે છે તો તે કર્મ વિના જન્મ લેવો કેમ બની શકે ? તે વિચાર કરવા યોગ્ય છે. આ વિષયમાં ચર્ચા ઘણી છે, પણ આ ઠેકાણે અપ્રાસંગિક હોવાથી કહેવાય નહિ.

શિષ્ય-જગત્કર્ત્તા બ્રહ્માજી છે. હારિતસ્મૃતિને વિષે કહેલ છે કે,—

पुरादेवो जगत्सृष्टा, परमात्मा जलोपरि ॥
सुष्वाप भोगिपर्यंके, शयने तु श्रिया सह ॥ १ ॥
तस्य सुप्तस्य नाभौ तु, महत्पद्ममभूत् किल ॥
पद्म मध्येऽभवत् ब्रह्मा, वेदवेदांगभूषणः ॥ २ ॥
स चोक्तो देवदेवेन, जगत् सृज पुनः पुनः ॥
सोपि सृष्ट्वा जगत्सर्वं, सदेवासुरमानुषम् ॥ ३ ॥

અર્થ—પહેલાં પ્રલયકાળમાં જગત્ની ઉત્પત્તિના કર્ત્તા દેવ પરમાત્મા જળ ઉપર શેષનાગના ખોળારૂપ શયનને વિષે લક્ષ્મીની સાથે સૂતા હતા. (૧) તે સૂતેલા દેવની નાભિને વિષે એક કમળ પેદા થયું. તે કમળની અંદર વેદવેદાંગે કરીને ભૂષિત બ્રહ્માજી પેદા થયા. (૨) તે બ્રહ્માજીને દેવોના દેવ પરમબ્રહ્મે કહ્યું કે, જગત્ રચો, બ્રહ્માજીએ પણ દેવ અસુર માનુષ્ય સહિત જગત્ને રચ્યું. (૩)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગુરૂ—હે શિષ્ય, સાંભળ. પ્રલયકાળમાં જ્યારે જગત્ ન હતું ત્યારે જળ ક્યાંથી આવ્યું ? જળ કોના આધારે રહ્યું ? જળ ઉપર શેષનાગ કેવી રીતે રહ્યો ? નાભિમાંથી શું કમળ પેદા થાય છે ? ઇત્યાદિ—આ વચનો કેવાં છે ? તે તમે જ વિચાર કરશો. (આ ઠેકાણે ઘણું કહેવાનું છે, જે ટુંકમાં ન કહી શકાય.) બ્રહ્માજી પણ કર્ત્તા યુક્તિથી સિદ્ધ નથી. તેમને કોણે પેદા કર્યા ? ઇત્યાદિ વિચાર કરવા યોગ્ય છે. વળી કહો કે જ્યારે જગત્‌ની રચના કોઇ પણ ઇશ્વર કરે છે, તો તે જગત્‌ના રચનાર ઇશ્વરને આપ કેવા પ્રકારના માનો છો ?

શિષ્ય–શું ઇશ્વર પણ જૂદા જૂદા પ્રકારના હોય છે ?

ગુરૂ—મતવાળાઓએ બે પ્રકારથી માનેલ છે.

શિષ્ય–ક્યા ક્યા પ્રકારના ?

ગુરૂ—કેટલાકે તો કેવળ ઇશ્વર જગત્‌ની ઉત્પત્તિનું કારણ માનેલ છે. તથા કેટલાકે જીવ, પરમાણુ, આકાશ, કાળ આદિ સહિત ઇશ્વર જગત્‌ની ઉત્પત્તિનું કારણ માનેલ છે. તમે કોને માનો છો ?

શિષ્ય–વેદાદિ શાસ્ત્રોમાં કેવળ ઇશ્વરને જ જગત્‌ની ઉત્પત્તિનું કારણ કથન કરવામાં આવેલ છે તે માનીએ તો તેમાં શું દૂષણ આવે છે ?

ગુરૂ—તમારૂં કહેવું ઇશ્વરને બહુ જ કલંકીત કરે છે.

શિષ્ય–જગત્ રચવામાં ઇશ્વરને શું કલંક આવે ?

ગુરૂ—દરેક કાર્ય કરવામાં ઉપાદાન કારણ તથા નિમિત્ત કારણાદિ હોય છે–ઉપાદાન વિના કોઈ કાર્ય થતું નથી. તો જગત્‌નું ઉપાદાન કારણ કોણ ?

શિષ્ય–ઇશ્વર પોતાની શક્તિથી જ જગત્ રચે છે, માટે ઇશ્વરની શક્તિ જ ઉપાદાન કારણ માનીએ તો શું દૂષણ ?

ગુરૂ—ઇશ્વરની શક્તિ ઇશ્વરથી ભેદ છે કે અભેદ છે ? ભેદ છે તો તે જડ છે કે ચેતન ? જો જડ છે તો તે નિત્ય છે કે અનિત્ય. જો કહેશો કે ભેદ છે, ને તે જડ છે તેમજ નિત્ય છે તોપછી તમારૂં કહેવું કેવળ ઇશ્વર જ જગત્‌નું કારણ છે એ સત્ય કેમ બનશે ? જો કહેશો કે ભેદ છે, જડ છે, અને અનિત્ય છે તો પછી તે અનિત્ય શક્તિ શાથી ઉત્પન્ન થઇ ? જો કોઇ બીજી શક્તિથી ઉત્પન્ન થઈ તો તે પણ ભેદ, કે અભેદ, જો ભેદ કહો તો તે જડ કે ચેતન ? જો જડ કહો તો તે નિત્ય કે અનિત્ય ? નિત્ય કહો તો પૂર્વનું જ કહેલ દૂષણ આવે, અને જો અનિત્ય કહો તો તેની ઉત્પત્તિ શાથી થઇ ? ઇત્યાદિ અનવસ્થા દૂષણ આવે અને જો ચેતન કહો તો પૂર્વનાં જ દૂષણો આવે, તથા જો અભેદ કહો તો ઇશ્વરજ સિદ્ધ થયા, અને ઇશ્વરજ જ્યારે પોતે ઉપાદાન કારણ થયા તો સર્વ વસ્તુ રૂપ ઇશ્વર થયા. જ્યારે ઇશ્વર જ સર્વ વસ્તુ રૂપ થયા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તો, ઉંચ, નીચ, સુખી, દુઃખી, ગાય, ભેંસ, ઘોડા, હાથી, સ્વર્ગ, નરક, જ્ઞાની, અજ્ઞાની સર્વ પોતે જ થયા. અને જ્યારે સર્વ રૂપ પોતે ઇશ્વર જ; તો પછી વેદ પુરાણ કુરાનાદિ શાસ્ત્રો કોને વાસ્તે બનાવ્યાં ? તે સર્વનો વિચાર કરીએ તો શું યુક્તિયુક્ત ગણાય ? કદાપિ નહિ.

**શિષ્ય**–સર્વ શક્તિમાન્ હોવાથી ઇશ્વરે ઉપાદાન કારણ વિના જ જગત્ રચ્યું ?

**ગુરૂ**—કારણ વિના કોઈ કાર્ય થાય નહિ. માટે ઉપાદાન કારણ વિના જગત્ રચ્યું એ તમારૂં કથન કોઇ બુદ્ધિમાન્ પુરૂષો તો નહિ માને. વળી સર્વ શકિત-માન્ માનવામાં ચક્રક દૂષણ પણ આવે છે.

**શિષ્ય**–ચક્રકદૂષણ કોને કહો છો ? અને તે કેવી રીતે આવે ?

**ગુરૂ**—પ્રથમ કેવળ ઉપાદાનાદિ કારણ વિના ઇશ્વર હતા એ સિદ્ધ થાય તો સર્વ શક્તિમાન્ સિદ્ધ થાય. જ્યારે સર્વ શકિતમાન્ સિદ્ધ થાય ત્યારે જગતના કર્ત્તા સિદ્ધ થાય જ્યારે જગતના કર્તા સિદ્ધ થાય, ત્યારે ઉપાદાનાદિ કારણ રહિત કેવળ ઇશ્વર હતા એમ સિદ્ધ થાય. આનું નામ ચક્રકદૂષણ છે. ઉપાદાનાદિ કારણ રહિત કેવળ ઇશ્વર તો સિદ્ધ થતો નથી. વળી ઇશ્વરે જ્યારે જીવ રચ્યા ત્યારે (૧) કેવળ નિર્મળ (૨) પુન્યવાળા (૩) પાપવાળા (૪) અર્ધ પુન્ય અને અર્ધ પાપવાળા (૫) ઘણું પુન્ય અને થોડા પાપવાળા (૬) ઘણું પાપ અને થોડા પુન્યવાળા ઇત્યાદિ છ ભેદમાંથી કેવા પ્રકારના રચ્યા ?

**શિષ્ય**–પુન્ય પાપ રહિત કેવળ નિર્મળ રચ્યાનો પ્રથમ પક્ષ માનીએ તો શું દૂષણ આવ ?

**ગુરૂ**—જો પ્રથમ પક્ષ કહો તો સર્વ જીવો નિર્મળજ હોવા જોઇએ, અને જ્યારે સર્વ જીવો નિર્મળ છે તો ઉંચ, નીચ, સુખી, દુઃખી કેમ જોવામાં આવે છે? તથા શાસ્ત્રો પણ કોના વાસ્તે રચેલ છે ? તથા પુન્ય પાપ નથી તો સ્વર્ગા-દિક ગતિમાં નિર્હેતુક કેમ જાય ? શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શાસ્ત્ર વાર્તા સમુચ્ચયમાં કહેલ છે કે,

**नरकादिफले कांश्चिन्, कांश्चित्स्वर्गादि साधने ॥**
**कर्मणि प्रेरयत्याशु स जंतून् केन हेतुना ॥ १ ॥**

**અર્થ**—જીવ નિર્મલ છે, અને કર્મ કોઇ નથી, તો પછી ઇશ્વર કેટલાક જીવોને નરકઆદિ ગતિના ફળને આપનાર એવા અકાર્યમાં તથા કેટલાક જીવોને સ્વર્ગાદિકના સાધન કરનાર એવા શુભ કાર્યમાં કયા હેતુથી પ્રેરણા કરે છે ? વાસ્તે નિર્મળ જીવો રચ્યાનો પક્ષ તો સિદ્ધ થતો નથી.

**શિષ્ય**–બીજો પક્ષ કેવળ પુન્યવાળા માનીએ તો ?

**ગુરૂ**—તેવા પણ સર્વ જીવો દેખાતા નથી., ઘણા દુઃખી પણ દેખાય છે, તથા પુન્ય કર્યા વિના ઇશ્વરે જીવોને પુન્ય કયાંથી લગાડી દીધું ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**શિષ્ય**–ત્રીજો પક્ષ પાપવાળા માનીએ તો ?

**ગુરૂ**—સર્વ જીવો પાપવાળાજ દેખાતા નથી. ઘણા સુખી, રાજા, મંત્રી, ધનવંત આદિ પણ દેખીએ છીએ, તથા પાપ કર્યા વિના પાપવાળાજ કેમ રચ્યા ?

**શિષ્ય**-અર્ધ પાપ અને અર્ધ પુન્યવાળાનો ચોથો પક્ષ માનીએ તો ?

**ગુરૂ**—સર્વ જીવો તેવા પણ નથી. કેટલાકને ઘણું સુખ, અને, કેટલાકને ઘણું દુઃખ દેખાય છે.

**શિષ્ય**-પાંચમો પક્ષ ઘણું પુન્ય ને થોડા પાપવાળા માનીએ તો ?

**ગુરૂ**—ઘણું પુન્યને થોડું પાપ, એવા જીવો પણ સર્વ જોવામાં આવતા નથી.

**શિષ્ય**-છઠો પક્ષ ઘણું પાપ ને થોડા પુન્યવાળા માનીએ તો ?

**ગુરૂ**—ઘણું પાપ અને થોડું પુન્ય એવા જીવો પણ સર્વ જોવામાં આવતા નથી, માટે કર્ત્તા સિદ્ધ થતા નથી. લોકતત્ત્વ નિર્ણયમાં કહેલ છે કે,

**अभ्युपगम्येदानीं, जगतः सृष्टिं वदामहे नास्ति ॥**
**पुरुषार्थैः कृतकृत्यो, न करोत्याप्तो जगत्कलुषम् ॥ १ ॥**

**અર્થ**—હવે જૈન સિદ્ધાંતોને લઇને કહીએ છીએ-જગતની રચના કોઇએ કરી નથી, કારણ કે પુરૂષાર્થીએ કરીને કૃતકૃત્ય એવા સર્વજ્ઞ વીતરાગ ભગવાન્ છે, તેથી મલીન જગતની રચના ન કરે,

**શિષ્ય**-ઇશ્વરે તો જીવો નિર્મલજ રચ્યા હતા, પણ જીવો પોતાની ઇચ્છાથી વિચિત્ર કામ કરે તેમાં ઇશ્વર શું કરે ?

**ગુરૂ**—ઇશ્વરે નિર્મલ જીવ રચ્યાનો સંભવ નથી, એમ ઉપર જણાવેલું છે, અને જીવો જ્યારે પોતાની ખુશીથીજ કામ કરે તો ઇશ્વર રચ્યા માનવાનું શું પ્રયોજન ? શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શાસ્ત્રવાર્તા સમુચ્ચયને વિષે પણ કહેલ છે કે,

**स्वयमेव प्रवर्त्तंते, सत्वाश्चेच्चित्रकर्मणि ॥**
**निरर्थकमिहेशस्य, कर्त्तृत्वं गीयते कथम् ॥ १ ॥**

**અર્થ**—જીવો સ્વયમેવ નાના પ્રકારના કાર્યમાં પ્રવૃત્તિ કરે છે. તે દરેક કાર્યની ફલપ્રાપ્તિ જીવોને પોતાની મેળે થશે, અને તેમ થાય તો પછી જેના કર્ત્તૃત્વથી કાંઈ પણ પ્રકારનું ફલ નથી તેવું કર્ત્તૃત્વ માનવાથી શો ફાયદો છે ? નિર્મલ જીવોમાં સારૂં અથવા ખોટું કાર્ય કરવાની શકિત કયાંથી આવી ?

**શિષ્ય**—સર્વ શકિતઓ તો ઇશ્વરેજ રચી છે, પણ ઈશ્વર કોઇને ખોટા કાર્યમાં પ્રવૃત્તિ કરાવતા નથી. જેમ કોઈ માણસે પોતાના પુત્રને રમવાને માટે રમકડું આપ્યું, જે વતી તે બાળકે પોતાની આંખ ફોડી નાખી તો તેમાં તેના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પિતાનું શું દૂષણ ? તેવીજ રીતે ઇશ્વરે હાથ પગ આદિ શક્તિઓ જીવોને કેવળ ધર્મ કરવાને માટેજ આપી છે, પછી જીવો ખોટું કામ કરે તો તેમાં ઇશ્વરનું શું દૂષણ ?

ગુરૂ—બાલકનું દૃષ્ટાંત બરાબર નથી. બાલકને તેના પિતાએ જે રમકડું આપ્યું તેને માટે તેના પિતાને જ્ઞાન ન હતું કે બાળક રમકડાથી આંખ ફોડી નાખશે, પણ ઇશ્વર તો સર્વજ્ઞ છે છતાં ખોટું કાર્ય કરવાની શક્તિ કેમ આપી ? શું ઇશ્વર જીવોનો શત્રુ છે કે તે અજ્ઞાની છે ? જો જ્ઞાની છે તો જાણીનેજ ઇશ્વરે જીવોનું શું સારૂં કર્યું ? તથા જગત રચ્યું ન હતું ત્યારે ઇશ્વરને શું દુઃખ હતું ? તે રચ્યાથી શું સુખ પેદા થયું ?

શિષ્ય-ઇશ્વર તો સદા સુખીજ છે, પણ પોતાની ઇશ્વરતા પ્રગટ કરવાનેજ જગત રચેલ છે.

ગુરૂ—જ્યારે જગત રચ્યું ત્યારે ઇશ્વરતા પ્રગટ થઇ, અને જ્યારે જગત રચ્યું ન હતું ત્યારે ઇશ્વરતા પ્રગટ ન હતી ? અને જ્યારે ઇશ્વરતા પ્રગટ ન હતી ત્યારે તો ઇશ્વર ઉદાસ અને પ્રગટ કરવાનીજ ચિંતામાં હશે કે કેમ?

શિષ્ય-ઇશ્વરે જગત રચ્યું તે તો જીવોને ધર્મ કરાવી સુખ આપવાના હેતુથી રચ્યું.

ગુરૂ—ધર્મ કરાવી સુખ આપવું એ તો પરોપકાર છે, પણ જે જીવો પાપ કરી નરકમાં ગયા તેના ઉપર શો ઉપકાર થયો ? તેને દુઃખી કરવાથી પરોપકાર ગણાય કે ?

શિષ્ય-જીવોને આધિન કંઇ નથી, ઇશ્વર જેમ કરાવે તેમ કરવું પડે. દૃષ્ટાંત તરીકે બાજીગર પુતલીને જેમ નચાવે તેમ નાચે છે.

ગુરૂ—જો જીવોને આધિન કંઇ નથી તો તેમને સારા ખોટા કામનું ફળ પણ નજ થવું જોઇએ. જેમ કોઇ રાજાની આજ્ઞાથી નોકર કાંઈ કામ કરે તો પછી તે રાજા નોકરને શું દંડ આપે ? કદાપિ નહિ. તેમ જીવને જ્યારે ઇશ્વરજ કાર્ય કરાવે છે ત્યારે તો સ્વર્ગ નરકાદિક ન હોવા જોઈએ, તથા રાજા, રંક ઇત્યાદિ પણ ન હોય, તથા જ્યારે ઇશ્વરેજ કરાવ્યું તો પછી દંડ કેવી રીતે આપે ? છતાં દંડ આપે તો શું ન્યાય ગણાય ? તથા શાસ્ત્ર અને ઉપદેશકો કોને વાસ્તે જોઇએ ?

શિષ્ય-બાજીગર જેમ બાજી રચી ક્રીડા કરે છે, તેમ ઇશ્વર જગત રચી ક્રીડા કરે છે.

ગુરૂ—ઇશ્વર બાજીગરની માફક ક્રીડાને માટે જગત રચે તો તે યોગ્ય ન ગણાય. ક્રીડા કરવી તે તો બાળકનું કામ છે. શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે વીતરાગસ્તવને વિષે કહેલ છે કે—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



क्रीड्या चेत्प्रवर्तेत । रागवान् स्यात् कुमारवत् ॥
कृपयाथ सृजेत्तर्हि । सुख्येव सकलं सृजेत् ॥ १ ॥

**અર્થ**—ક્રીડાએ કરીને જગતની રચના કરવામાં પ્રવૃત્તિ કરે તો બાળકની માફક રાગવાળો ગણાય, અને જો કૃપાથી રચે તો સંપૂર્ણ જગતને સુખીજ રચે.

**શિષ્ય**–જીવો પોતાની ઇચ્છા મુજબ કરે છે. ઇશ્વર જીવોને પુણ્ય પાપને અનુસારે ફળ આપે છે.

ગુરૂ—આ તમારા કથનથી તો દરેક અવસ્થા ઇશ્વરે પૂર્વના કર્મને આધારે કરી સિદ્ધ થાય કારણ અવસ્થા વગરનો જીવ હોય નહીં, અને તત્વથી કર્મને આધારે ફળની પ્રાપ્તિ થવાથી ઇશ્વરની કર્તૃતા નકામી થશે. તેથી જગત અનાદિ સિદ્ધ થશે, શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે વીતરાગ સ્તવને વિષે કહેલ છે કે—

कर्मापेक्षः सृजेत्तर्हि । स स्वतंत्रोऽस्मदादिवत् ॥
कर्मजन्ये च वैचित्र्ये । किमनेन शिखंडिना ॥ १ ॥

**અર્થ**—કર્મની અપેક્ષાએ કરીને રચના કરે તો ઇશ્વર અમારા જેવોજ થયો, પણ સ્વતંત્ર ન થયો, તથા જગત્‌ની વિચિત્રતા કર્મથી થાય છે, તો પછી નપુંસક સમાન ( કંઇ કરવાને સમર્થ નહિ એવા ) ઇશ્વરથી શું પ્રયોજન છે ? ॥૧॥

ઉપર પ્રમાણે સ્વરૂપ ટુંકમાં કહ્યું હવે પછી કેવળ ઇશ્વરજ છે બાકી જે દેખાય છે તે માયા છે, વસ્તુ કંઇ નથી. ઇત્યાદિ અદ્વૈત મતનું સ્વરૂપ તથા પૃથ્વી પાણી, અગ્નિ આદિ સહિત ઇશ્વર જગતની રચના કરે છે એમ કેટલાક માને છે, તેનું સ્વરૂપ બીજા ભાષણમાં કહીશ. ઇત્યલં વિસ્તરેણ.

# આસ્રવ મિમાંસા.

## પ્રમાદ.—( Indiffevnce )

ગતાંક ૧૩૨ પૃષ્ઠથી શરૂ

પોતાની સ્વાભાવિક આભ્યંતર અવસ્થામાં આત્મા જે શુદ્ધ ઉપયોગમય સ્થિતિમાં ( pure consciousness ) હોય છે તેનાથી વિરોધી–સ્વાનુભવથી ચલન થવારૂપ સ્થિતિ તે પ્રમાદ છે; અને ધાર્મિક ક્રિયાકાંડ આદિ બાહ્ય વિષયની બાબતમાં મુળ તથા ઉત્તર ગુણના પાલનમાં અતિચાર ઉત્પન્ન થવારૂપ અવસ્થાને પણ પ્રમાદ કહેવામાં આવે છે. પ્રમાદ એ તમો ગુણના અધિકપણાથી ઉત્પન્ન થતી આત્માની એક સ્થિતિ વિશેષ છે જો કે પ્રમાદવાળી અવસ્થામાં ઘણીવાર કર્ત્તવ્યા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કર્ત્તવ્યનો વિવેક કાયમ રહેલો હોય છે અને પોતાના પ્રાપ્ત ધર્મના પાલન માટે આવશ્યક શક્તિ પણ હોય છે છતાં તે વખતે આત્માને પ્રમાદનો નશો એવો મધુર લાગે છે. કે તેને તેના મદમાં પડી રહેવું બહુજ ગમે છે. પ્રમાદ એ કિં કર્ત્તવ્યતા કે દિગ્મૂઢતાને સુચવનારી અવસ્થા નથી. જો તેમજ હોત તો મિથ્યાત્વ અને અવિરતિના આવરણને ભેદીને પાર ગયેલા મનુષ્યોમાં તેનો સંભવ ન હોત. પણ જ્યારે આત્માનાત્માનો સુંદર વિવેક કરનાર અને તે જ્ઞાનના ફલ વિરતિને અમલમાં મુકનાર છઠ્ઠા ગુણસ્થાનને શોભાવતા મનુષ્યોમાં પણ તે જોવામાં આવે છે, ત્યારે પ્રમાદના ઘેનમાં આનંદ લેનાર મનુષ્ય પોતાના કર્ત્તવ્યનો વિવેક બીલકુલ કરી શકતો નથી એમ તો એકાંતે કહી શકાયજ નહીં. તેથી એટલુંજ નકી થાય છે કે પ્રમાદ એ એક પ્રકારનો એવો મીઠો અને ખુમારી ચઢાવનાર આસ્રવ છે કે જેનો ઉપભોગ છઠ્ઠા ગુણસ્થાને વિરાજતા મહાજનોને પણ પ્રિય લાગે છે.

મનુષ્યની પ્રગતિમાં આ પ્રમાદરૂપી શત્રુએ આજપર્યંત જેટલા વિઘ્નો નાંખ્યા છે, અને નાંખે છે એટલા વિઘ્નો બીજો એક પણ આંતર શત્રુ ભાગ્યેજ નાંખી શકે છે. તેના જીવનમાંથી જો આ એકજ દુર્ગુણને કમી કરવામાં આવે તો મનુષ્યત્વમાંથી દેવત્વ અને દેવત્વમાંથી ઇશત્વનો અધિકાર મેળવતા જીવને કશુજ વિઘ્ન રહેતું નથી. જ્ઞાનની ખામીથી અથવા કર્ત્તવ્ય કે પ્રાપ્તવ્યના ઉદ્દેશ ભંગથી આજે મનુષ્યની પ્રગતિનો અવરોધ થયો છે એમ માની શકાતું નથી. આગળને આગળ ગતિ કરવાને પ્રત્યેક આત્મા આતુર હોયજ છે. ઉત્તમ આરોગ્ય, વિપુલ સંપત્તિ, બુદ્ધિજ્ઞાનનો પ્રકર્ષ અને આધ્યાત્મિક ઉત્કર્ષની પ્રાપ્તિ કયા મનુષ્યને પ્રીય નથી ? સર્વને તે એક સરખી ઇચ્છવા યોગ્ય અને પ્રાપ્ત કરવા યોગ્ય સમજાય છે, અને તે મેળવવા માટે કેવા પ્રયત્નની જરૂર છે તેનું જ્ઞાન પણ બધા મનુષ્યને ન્યુનાધીક અંશે તેમના વર્ત્તમાન વિકાસના પ્રમાણમાં હોય જ છે, અને તેમ છતાં કેટલા થોડા મનુષ્યો પોતાના તે બુદ્ધિજ્ઞાનને અમલમાં મુકી શકે છે ! આરોગ્ય પ્રાપ્તીના પ્રાથમીક નિયમો ગમે તેવો અભણ મનુષ્ય પણ સમજતો હોય છે, કેવા ઉપચારો કે વિધિ વડે મન કેળવાય છે, એનું જ્ઞાન, સાદા સ્વરૂપમાં, સર્વ કોઇને હોય છે તેમજ આત્મવિકાસ અને પારલૌકિક શ્રેય માટેના આવશ્યક કર્ત્તવ્યની ભાવનાનું કાંઇક ને કાંઇક સ્વરૂપ મનુષ્ય માત્ર બાંધી શકે છે, છતાં તે નિર્ણિત થયેલા નિશ્ચયોને કાર્યરૂપે પરિણામવવામાં એક મહદ્ અંતરાય તેમને નડતો હોય છે. આ અંતરાયનું પ્રથક્કરણ કરતાં તે જે અંતિમ તત્વનું બનેલું છે તે તત્વ " **પ્રમાદ** ' છે, એ આંતર શત્રુ આપણને હમેશા વર્ત્તમાન પ્રયત્નથી દુરને દુર રાખે છે, અને જ્યારે જ્યારે આપણે આપણા સંકલ્પને કાર્યરૂપ કરવા યોજાઇએ છીએ, ત્યારે તે પ્રયત્નને અંગે રહેલી વિટંબના અને શ્રમમાં ન પડવાની અને વર્ત્તમાનમાંજ સંતોષ માની બેસી રહી પ્રાપ્ત સુખ ભોગવવાની લલચાવનારી સલાહ તે આપે છે, અને તેમ છતાં જો શ્રમને અંતે પ્રાપ્ત થવા યોગ્ય ફળની લાલચથી આપણે પ્રયત્ન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માં જોડાવા અત્યંત તત્પર હોઇએ છીએ તો આખરે તે દુશ્મન ગમે તેમ કરીને પણ તે પ્રયત્નને બીજી ક્ષણ, બીજી કલાક કે બીજા દિવસ ઉપર મુલતવી રખાવ્યા વિના સંતોષ પામતોજ નથી, અને જ્યારે એક વખત મુલતવી રખાવવાની તદબીરમાં તે સરળ થાય છે ત્યારે તેજ ક્ષણથી મનુષ્યનું બધી બાબતમાં અધઃપતન શરૂ થાય છે. એક તરફથી આપણો કર્ત્તવ્યનો સંકલ્પ એક ક્ષણ, એક કલાક કે એક દીવસ માટે ઢીલો બને છે, અને પુનઃ તેવા પ્રયત્ન માટે આપણે અધિક નિર્બળ અને નાલાયક થઇએ છીએ, ત્યારે બીજી તરફથી વિજય પામેલા પ્રમાદને તેના સહાયક મિત્રનું મંડળ આપણી અવનતિને અધિક બુરાઇની હદે લઇ જવા માટે તેને આવી ભેટે છે. એ મિત્ર વર્ગમાં આપણને દબાવી રાખનાર એક "સ્વયંવાહિતા" નામની શકિત મુખ્યપણે છે. ઘણા વાચકો આ દુશ્મનનું નામ આ સ્થળે પ્રથમજ સાંભળતા હશે, અને તેમ હોવાથીજ તે શત્રુ સર્વથી અધિક ભયંકર છે. જે શત્રુનું કાર્ય સ્પષ્ટ હોય છે, અને જેને તેના કાર્ય ઉપરથી તુર્ત ઓળખી શકાય છે. તે શત્રુથી બહુ ડરવાનું રહેતું નથી કેમકે તેનાથી બચવાનો અને બની શકે તો તેનો સંહાર કરવાનો ઉદ્યોગ મનુષ્ય ધારે તે કાળે કરી શકે છે, પણ જે દુશ્મન દેખાયા વિના અસ્પષ્ટપણે પોતાનું અધમ કાર્ય વિસ્તાર્યે જતો હોય છે તેનાથી બચવા અથવા તેનો વિનાશ કરવા મનુષ્ય ભાગ્યેજ પ્રયત્ન કરી શકે છે.

આ "સ્વયંવાહિતા શકિત" ને પાશ્ચિમ તરફના આત્મવિદ્ પુરૂષો automatism ના નામથી સંબોધે છે, અને મનુષ્યના આત્માની રણભૂમિ ઉપર દૈવી અને આસુરી તત્વોનું જે સતત્ યુદ્ધ ચાલી રહ્યું છે તે યુદ્ધમાં વિજય પામનાર સત્વને એ શકિત મીત્રરૂપે મળી જાય છે. આપણી ઘરગતુ ભાષામાં એ શકિતને આ સ્થળે "ટેવ" ના નામથી ઓળખીશું તો પણ ચાલી શકશે. એક વખત પ્રમાદના જોરથી દબાઇને પ્રયત્ન ભ્રષ્ટ થયા. પછી આપણામાં એવું વલણ બંધાઈ જાય છે કે જેથી પુનઃ પુનઃ પ્રયત્ન ભ્રષ્ટ થઇ જવાય છે અને એ પ્રમાણે પાંચ પચીસવાર થયા પછી કર્ત્તવ્યમાં યોજાવા માટેનો આવશ્યક સંકલ્પ તદ્દન બળહીન મૃતપ્રાય અને નિષ્ફળ બની જાય છે. તે પછી પ્રમાદનું કાર્ય બહુજ હલકુ બને છે. આપણને કર્ત્તવ્ય હિન કરવા માટે તેને બહુ સલાહ કે બળ વાપરવાપણું રહેતું નથી, પણ માત્ર ઉપર જણાવેલી સ્વયંવાહિની શકિત–ટેવ વડેજ આપણે પુનઃ પુનઃ જ્યાં છીએ ત્યાંના ત્યાંજ ગળીઆ બળદની માફક પડયા રહીયે છીએ. પ્રયત્નમાં જોડાવાનો સંકલ્પ ઉદ્ભવવો એ એક ટેવ રૂપે થઇ જાય છે અને તે સાથે સંકલ્પ પાછો તુટી જવો અને આપણે હાલ જ્યાં છીએ ત્યાંના ત્યાં રહેવાનું નિર્માણ સ્થિર રહેવું, એ પણ એક ટેવરૂપે બની જાય છે. પ્રયત્નનો પ્રત્યેક સંકલ્પ અને તેની નિષ્ફળતા એ આત્માનું વધારે ને વધારે અધઃપતન કર્યે જાય છે, અને તે સાથે આત્મા વધારે ને વધારે કેદી બને છે. તેના સંકલ્પને કાર્યકર કરવાનું તેનું સામર્થ્ય અધિકાધિક દુર્બળ બનતું જાય છે, અને આખરે હાલ જે ભૂમિકાને તે શોભાવે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે ભૂમિકામાંથી ધીરે ધીરે ભ્રષ્ટ થતે થતે જે સ્થિતિઓને વળોટીને તે આંહી આવ્યો છે તે સ્થિતિમાં આવતો જાય છે. કેમકે જ્યારે જ્યારે આત્મા આગળ વધતો નથી, ત્યારે ત્યારે તે જરૂર પાછળ તો હઠેજ છે. વિશ્વમાં એક પણ તત્વ સ્થિર નથી. સવિરત, અવિશ્રાંત ગતિથી વિશ્વના બધા જ તત્વો કોઇ મહા સમારંભમાં મહા પ્રયાણમાં જોડાયા છે, અને આત્મા જ્યારે આગળ ધપવાને નાલાયક બને છે, ત્યારે તે પાછળ હઠતો જ હોય છે. જ્યારે પ્રગતિના ક્રમ ઉપર હોય છે, તે વખતે તેના હૃદયનું આધિપત્ય તેના આત્માના દૈવી સત્વોના હાથમાં હોય છે, અને જ્યારે તે ારથર રહે છે અથવા પાછા પગલા ભરતો હોય છે ત્યારે તેના હૃદય ઉપર શયતાનનું સામ્રાજ્ય વિસ્તરે છે. જે પશુપણાની ભૂમિકાને તે ઉલંઘીને આવ્યો છે તે ભૂમિકાને, સુલભ એવી પાશવ વૃત્તિઓ અને લાલસાઓના જવાબ તેના હૃદયમાં ભભૂકી ઉઠે છે અને તેની તૃપ્તીના માટે તેને તે તે તૃપ્તીને અનુરૂપ સ્થાનો કે સ્થિતિઓમાં પ્રવેશવું પડે છે. વિઘ્નોના પરિહાર પૂર્વક આગળને આગળ કદમ ભરવા માટે તેણે ઉદ્યોગશીળ રહેવુંજ જોઇએ. જ્યારે તમોગુણના પ્રાધાન્યથી પ્રમાદરૂપી મીઠા ઘેનમાં ઝુકી પડવા તે લલચાય છે તે ક્ષણથી તેની આગળ વધતી ગતિનો ક્રમ અટકે છે. અટકે છે એટલુ જ નહીં પણ ઉલટાય છે, અને તે જાણે તેમ તે પાછો હઠતો હોય છે. સામાન્ય મનુષ્યની વર્ત્તમાન ભૂમિકાએ તેનું સાહજીક વલણ આગળ હઠવાનું નહિ પણ પાછા હઠવાનું હોય છે. કેમકે ગત અનંતકાળમાં ભોગવેલી વાસનાઓનું બળ હજી લય ભાવને પામ્યું નથી, પણ માત્ર ભારેલા અગ્નિની માફક તે ઉપશમેલું હોય છે, અને પ્રસંગ મળતાં તે વાસનાઓ તેને પાછી આકર્ષે છે. જ્યારે આત્મા પ્રમાદના નશામાં પડેલો હોય છે ત્યારે તે ન જાણે તેમ પેલી જુની વાસનાઓના ઉપભોગમાં તે અજ્ઞાતપણે રસ લેતો હોય છે. પ્રમાદની અવસ્થામાં એ વાસનાનો અવાજ તેને પુનઃ મધુર લાગે છે. તેનો ઉપયોગ ( consciousness ) શીથીલ બની જાય છે. તે લાલચુ અને રસ ભોગી થઇ જાય છે. બધું જાણતા છતાં પેલી જુની મીઠાશને તે પ્રેમ પૂર્વક આલીંગતો હોય છે, અને મનોહર દેવીનું સ્વરૂપ ધારી આવેલી વાસનારૂપી તે કુરૂપ પિશાચિણીઓ સાથે બધુ સમજવા છતાં, ભોગમાં આશકત બની જાય છે. જેમ કામી મનુષ્યો ભોગને અધિક તીવ્રતાથી ઉત્કટપણે ભોગવવા માટે અને તે ભોગકાળે ભોગ શિવાયના અન્ય જ્ઞાનનો ઉદય ન રહે તે માટે દારૂ પીએ છે તે માફક જ આ પ્રમાદરૂપી મદિરાનું કાર્ય પણ છે. ફેર એટલોજ છે કે જ્યારે દારૂના નશામાં ભોગના વિષય શિવાયનું બધુ જ્ઞાન ઉપશમી જાય છે. અને ભોગનોજ એક પ્રબળ આવેશ આધિપત્ય ભોગવે છે, ત્યારે પ્રમાદના કેફ કાળે કર્ત્તવ્યનું ભાન ઝાંખુ ઝાંખું પણ રહેવા પામે છે. એ ઝાંખુ ભાન એજ તેનું સૌભાગ્ય છે. કેફના ઘેનકાળે તે દીવ્યભાન દુરથી આત્માને સાવધ થવા પુકારે છે. પણ નશામાં લુબ્ધ થયેલો આત્મા તેની પરવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરતો નથી. એમ જેમ જેમ તે પ્રકારની અવગણના થાય છે, તેમ તેમ તે પુકાર વધારે ધીમો અને આખરે છેક શાંત પડી જાય છે. કેમકે તે પ્રમાદવાળી અવસ્થામાં તે વખત સુધીમાં આસુરી સંપતિ ( વિષય કષાયમાં લુબ્ધપણું ) એ પોતાનું સામ્રાજ્ય આત્માના પ્રદેશ ઉપર જમાવી દીધું હોય છે અને આત્મા ઉપર ઘાટા આવરણો જામી ચુકયા હોય છે.

આટલા જ માટે શાસ્ત્રકારોએ પ્રમાદને આસ્રવના હેતુઓમાં મુકયું છે. સામાન્યપણે પ્રાકૃત મનુષ્યો એમ માને છે કે પ્રમાદમય અવસ્થા એ એક ચિત્તની શુન્યકાર્ય અવસ્થા વિશેષ છે (negativo state of mind ) આ માનવું મનોધર્મના અજ્ઞાનમાંથી ઉદ્દભવે છે. મન કદી જ સ્થીર રહેતું નથી. સ્થિરતા એ મનનો સ્વભાવ જ નથી. મનનો યોગ સર્વદા ચપળ જ હોય છે અને જ્યારે તેને એક કેન્દ્રમાં પુરવામાં આવે છે ત્યારે પણ તે કેન્દ્રમાં સ્થિર ન રહેતા તે કેન્દ્રના પ્રદેશને પોતાની ચપળતાનો વિષય કરી તે ક્ષેત્રની પરિમિત મર્યાદામાં પોતાનું મનન કાર્ય કર્યે જાય છે. તેના યોગને ધ્યાનમાં (meditation) કે એકાગ્રતાના (concentration) કાર્યમાં યોજી શકાય છે. પણ તેનો સદંતર અવરોધ (entire cessation) બની શકતો નથી. તેરમા ગુણસ્થાન સુધી તેનો યોગ રહે છે. આથી પ્રમાદવાળી અવસ્થામાં મન કશુ જ કાર્ય કરતું નથી, અથવા માત્ર શાંતિથી પડયું રહે છે, અને તેથી તે અવસ્થા આત્માને કશીજ હાનિકર નથી એમ માનવું એ મોટામાં મોટી ગેરસમજ છે. જે ક્ષણથી આત્મા નવીન કર્મને આવતા અટકાવવાના પ્રયત્નથી દુર રહે છે, અથવા શુભ સંસ્કારોનો સંગ્રહ કરતો અટકે છે તે કારણથી તેના આત્માના વાસનામય અંશમાં ગુપ્તપણે રહેલા અધમ સંસ્કારોને અનુરૂપ સત્વો આત્માપ્રતિ આકર્ષાવા માંડે છે. આત્માના સંબંધે શુભ કાર્યના અટકાવનો અર્થ શુભ અને અશુભ ઉભયની નિવૃત્તિ, અથવા શુભના પરિણામી ફળનો અલાભ એટલો જ નથી પણ અશુભનું આગમ છે. સારૂ બંધ પડતા બુરૂ ત્યાં તુર્તજ ભરાવા માંડે છે. જેમ લૌકીક કહેવત મુજબ “ ચોરનો વંશ ખાલી પડતો નથી ” તેમ આત્માના પ્રદેશ ઉપર શુભ સત્વોનું ઉપયોગ અને પ્રયત્ન પુર્વક આવાહન કરવામાં ન આવે તો અશુભ સત્વો ત્યાં ચઢી બેસે છે. આત્માનો આરો કદીપણ, તેની કર્માવસ્થામાં ખાલી પડતો નથી. ત્યાં કોઇને કોઇ અધિષ્ટાત્રી સત્વોનો પ્રભાવ કાયમ જ હોય છે. જો ઉદ્યોગપૂર્વક ત્યાં સારા સત્વોનું રાજ્ય સ્થાપવામાં ન આવે તો બુરા સત્વોનું જોર ફાવી જાય છે. કેમકે તેમની સંખ્યા અનંત પ્રમાણમાં આત્માના વાસનાશરીરમાં ગુપ્તપણે, ઉપશમભાવે, તકની રાહ જોતી હમેશા હાજર જ હોય છે. અને જરા જેટલો પ્રસંગ મળતા અર્થાત આત્મા સહેજ પ્રમાદમાં ઝોકુ ખાતા તે અધમ સત્વો તેના હૃદયના મહા રાજ્ય ઉપર પોતાનું શાસન જમાવી દેતા વાર લગાડતા નથી. જૈન શાસ્ત્રકારો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપયોગ સાચવવાનો જે ભેરી નાદથી ઉપદેશ આપ્યા કરે છે, તેનો હેતુ પણ આજ છે. આત્માએ હમેશા સાવધ, સચેતન, તત્પર અને જાગૃત રહેવુ જોઇએ. જેઓએ પોતાની સર્વ પ્રકારની વાસનાઓના ક્ષય પૂર્વક આત્મસ્વરૂપ સિદ્ધ કર્યું છે. અર્થાત જેઓ ક્ષાયક સમકીતી છે તેમને જ પ્રમાદ અસર કરી શકતો નથી. અને એ અવસ્થામાં પ્રમાદ સંભવતો પણ નથી-પરંતુ જેમનું સમ્યકત્વ માત્ર વ્યવહાર કોટીનું છે. અને તે કરતાં પણ ઉચ્ચપણે ક્ષયોપશમીક કે ઉપશમીક કોટીનું છે તેમણે તો પ્રમાદ મદિરાના નશાથી બહુ ચેતવાનું છે.

પ્રમાદમાં પડી રહેવું આત્માને ઘણી વાર બહુ પ્રીય લાગે છે તેના અનેક કારણો છે. પરંતુ તે માંહેના બે મુખ્ય કારણોના ઉપર આપણે આ સ્થળે નજર ફેરવી જશું.

કેટલીક વાર પ્રમાદ શારીરિક કારણોમાંથી ઉદ્ભવેલો હોય છે. શરીરમાં ગ્રહવામાં આવતા પુદ્ગલના છ પ્રકાર ઉપર મનની સ્થિતિનો ઘણે ભાગે આધાર રહે છે. અને જેટલા અંશે પોતાનું જીવન નિભાવવા માટે મનુષ્યને બાહ્ય પુદ્ગલીક પદાર્થો ઉપર આધાર રાખવો પડે છે તેટલે અંશે તેના ઉપર પુદ્ગલના પ્રકાર પ્રમાણે અસર થવા પામે છે. જડ પદાર્થમાં એવા શુભાશુભ ગુણો કેવા કારણોથી ઉત્પન્ન થાય છે તેના વિવેચનમાં ઉતરવાનો પ્રસંગ નથી. તે વિવેચનને આગળ ઉપર એક જુદાજ લેખનો વિષય કરવા અમારી ધારણા છે. આ સ્થળે માત્ર એટલુંજ સ્વિકારનો આગ્રહ કરવામાં આવે છે કે જડ પદાર્થમાં મન ઉપર અનેક પ્રકારની વિલક્ષણ અસરો ઉપજાવવાની શક્તિ છે. કર્માવૃત અવસ્થામાં મનુષ્યનું જ્ઞાન ક્ષયોપશમીક હોવાથી તેને જ્ઞાનના ગ્રહણ માટે ઇન્દ્રયરૂપ હથીઆરોનો આશ્રય કર્યા વિના ચાલતું નથી, અને તે હથીઆરો જડ પદાર્થોના બનેલા હોવાથી તેના ઉપર બહારથી સંઘટ્ટન પામતા જડ પદાર્થોની અસર થાય છે. ખરૂં છે કે ચૈતન્ય સ્વરૂપ અરૂપી હોવાથી તે જડની અસરને આધીન થતું નથી અને તેથી જડની પ્રકૃતિને અનુરૂપ વિકાર આત્માના અરૂપી સ્વરૂપમાં નિશ્ચયે નય પ્રમાણે થવો સંભવતો નથી. બાહ્ય પદાર્થની અસર જે પદાર્થ ઉપર થવા પામે છે, તે આત્માના સત્ય સ્વરૂપ ઉપર નહી પણ તેના કરણો-હથીઆરો ઉપર થાય છે. અને આત્માને તેની બધી ક્રિયાઓ માટે તે હથીઆરો ઉપરજ બધો આધાર રાખવો પડતો હોવાથી, જડના સંસર્ગથી તે હથીઆરો ઉપર થયેલી અસરનું પરિણામ આત્માને આડકતરી રીતે ભોગવવું પડે છે. ગમે તેવા ઉત્તમ પોલાદના પાણીદાર હથિઆર ઉપર કાટ ફરી વળતાં અથવા તે બુંઠું બનતા જેમ કારીગરની બધી આવડતનો બહિર્ભાવ થતો અટકી પડે છે તેમ આત્માને ઉત્તમ ઇન્દ્રીયોરૂપી સાધનો પ્રાપ્ત હોવા છતાં અને આત્માના વિવિધ અંશોને કાર્યરૂપે સ્પષ્ટ થવા માટે સંકુલ ચેતના વ્યુહ ( Complete nervous system ) હોવા છતાં તે કરણો ઉપર, નહીં ઇચ્છવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય તમોગુણ પ્રધાન જડ પદાર્થોનો સંયોગી ભાવ થતાં તે વિકારી બની જાય છે. અને મનુષ્યના વર્તમાન વિકાસની ભૂમિકાએ તે કરણો તેને જે સહાય કરવા નિર્માયા છે તે સહાય આપતા અટકી પડે છે. પ્રમાદ એ મન અને તનના મુખ્ય અને પેટા કરણોપકરણો ઉપર ચઢેલો કાટનો થર છે. પોતાના હથીઆરો ઉપરજ જેના નિર્વાહનો આધાર છે એવો કારીગર કદી પણ જેમ તેના હથીઆરો ઉપર કાટ ચઢવા દેતો નથી અને તેને સારી હાલતમાં રાખવા નિરંતર ચિવટ રાખે છે તેમ વ્યવહાર અને પરમાર્થ ઉભય પ્રદેશમાં પોતાનો જીવન ઉદ્દેશ સરલ કરવા ઇચ્છનાર સમજુ મનુષ્ય તેના શારિરીક અને માનસીક સાધનો ઉપર પ્રમાદનો કાટ ન ચઢે તે માટે હમેશાં સાવચેત રહે છે. એકલો પ્રમાદજ નહી પણ આત્માના પ્રદેશ ઉપર પ્રતીત થતી બધી વિકારવાળી અવસ્થાઓ શરીરમાં જે પ્રકારના અણુંઓ ગ્રહવામાં આવે છે તેના ઉપર ઘણો ખરો આધાર રાખે છે. તમોગુણ પ્રધાન અનિષ્ટ પદાર્થોનું સ્થૂળ શરીરમાં ગ્રહણ થતાં તે આત્માંના કારણોને અકુદરતી, વિકૃત અને નિયમ વિરૂદ્ધ કરી મૂકે છે. અને તે વિકાર પામેલી ઇન્દ્રીયો તે વિકારને અનુરૂપ આંદોલનો આત્માના માનસીક, નૈતીકઆદિ સૂક્ષ્મ પ્રદેશોમાં મોકલે છે. આથી તે પ્રદેશમાં પણ ઇન્દ્રીયોના વિકારનો બિગાડો પેસવા પામે છે. આત્માના સ્થૂળ અને સૂક્ષ્મ કરણોને અંદર અંદર એવું પ્રકૃતિ સામ્ય ( Sympathy ) છે કે એકની સ્થિતિ પ્રત્યે બીજાનું સ્વાભાવીક રીતેજ સહધર્મીપણું બંધાઇ જાય છે. સુવિખ્યાત પ્રોફેસર જેમ્સ ( Professor James. ) પોતાના અધ્યાત્મ વિદ્યા ( Psychology) નામના ગ્રંથમાં ખરૂંજ લખે છે કેઃ—

" Every emotion has a certain definite relation to changes in the physical body which can be excited by, or in their turn excite, corresponding changes in the astral body, which again can be excited by or iu their turn excite corresponding effects in the mental body. "

અર્થાતઃ—" દરેક પ્રકારના આ સ્થૂળ શરીરમાંહે થતા વિકારો સાથે ચોક્કસ પ્રકારનો સંબંધ છે. આ આવેગો સ્થુળ શરીરમાં વિકાર ઉત્પન્ન કરે છે અથવા સ્થુળ શરીરના વિકારથી પોતે વિકારવશ થાય છે. અને તે પ્રમાણે સૂક્ષ્મ શરીર પણ પોતામાં ઉત્પન્ન થયેલા વિકારથી માનસ શરીરમાં વિકાર ઉપજાવે છે અથવા માનસ શરીરના વિકારથી પોતે વિકારવશ બને છે. "

આ પ્રમાણે સ્થુલ શરીરમાં દાખલ કરવામાં આવતા અયોગ્ય અણુંઓ તે અણુંઓના ગુણ ધર્માનુસાર શરીરમાં વિકાર ઉપજાવે છે અને તે વિકાર આત્માના સૂક્ષ્મતર અને સૂક્ષ્મતમ કરણો સુધી પહોંચે છે, અને પાછી તે વિકારની અસરો સ્થૂળ શરીર ઉપર પોતાનો બહિર્ભાવ દાખવે છે. એ પ્રકારે હમેશાં ગ્રહવામાં આવતા અયોગ્ય પદાર્થો પોતાની અનિષ્ટ અસર નિરંતર ઉપજાવતા રહે છે અને તેનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિકંપ સૂક્ષ્મમાં કરણો ઉત્પન્ન થઇ પાછી તેજ અસર સ્થૂળ શરીરમાં વિસ્તારે છે. શાસ્ત્રકારોએ લસણુ, ડુંગળી આદિ તમોગુણ પ્રધાન આહારો ઉપર શામાટે આટલો બધો અણગમો દર્શાવ્યો હશે એ વાતનો ખુલાસો આથી કાંઇક અંશે થવા પામશે. વાસ્તવીકમાં તે પદાર્થોની અસર સૂક્ષ્મ કરણો ઉપર એટલી બધી થાય છે કે તે કોઈ પણ ઉચ્ચ કાર્ય માટે તે યોગ્ય રહેતા નથી. પ્રથમ તે પદાર્થો સ્થૂળ ઇન્દ્રીયોને અત્યંત જડ અને ઢીલી બનાવી મુકે છે. અને સ્થુળ અને સૂક્ષ્મ કરણો વચ્ચે ઉપર જણાવ્યું તેમ એક પ્રકારનું સહધર્મીપણાનું બંધન અથવા કરાર (agreement of affections) હોવાથી સૂક્ષ્મકરણો સ્થુળ પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી તેના જેવા બની જાય છે. ખોરાકના પદાર્થોની કીંમતનું ધોરણ શરીર શાસ્ત્રીઓ અને ધર્મશાસ્ત્રીઓનું બહુ જુદા પ્રકારનું હોવાનું પણ એજ કારણ છે. શરીરશાસ્ત્રીઓ આહારની કીંમતનું ધોરણ તે તે આહારમાં રહેલા પોષણ, ગરમી આદિ ગુણો ઉપર બાંધે છે. ત્યારે ધર્મ શાસ્ત્રો તે તે અહારથી તન, મન ઉપર ઉપજતી શુભાશુભ અસર ઉપર તેની કીંમત આંકે છે. કંદમૂળ પદાર્થોમાં મનને કુંઠીત કરવાનો અનિષ્ટ ગુણ રહેલો હોવાથીજ શાસ્ત્રકારોએ વિવિધ યુકિત પ્રયુકિતથી તેનો નિષેધ કરેલો છે, અને પ્રાકૃત કોટીના મનુષ્યો જેઓ આ સૂક્ષ્મ વિષયને સમજવા અશકત છે તેમને તે પદાર્થોમાં અનંત જીવો રહેલા છે માત્ર એટલી યોગ્ય હકીકત જણાવી તેનાથી વેગળા રાખ્યા છે. તેમાં જીવો નથી એમ જણાવવાનો હમારો મુદ્દલ આશય નથી. અમારી કહેવાની મતલબ એટલી છે કે તે તે પદાર્થોનો ત્યાગ સ્થુળ દૃષ્ટિ કરતાં સૂક્ષ્મ દૃષ્ટિથી વધારે ઇષ્ટ હોવા યોગ્ય છે. અથવા જેઓ આ કાળે તે અને તેવા બીજા પદાર્થોનો ત્યાગ માત્ર તે પદાર્થોના અનંતજીવીપણાને ખાતરજ કરે છે; તેઓએ આ વિષયને પણ ધ્યાનમાં રાખી તેનો ત્યાગ બેવડા આગ્રહ અને સમજણ પૂર્વક કરવો જોઇએ. મનુષ્યો જ્યારે પદાર્થ કે વિષયના સૂક્ષ્મ સ્વરૂપને સમજે છે ત્યારે તેમને તે તે વિષયની સ્થુળ બાજુનું મહત્વ બહુ ભાસતું નથી. પરંતુ બધા મનુષ્યો તેવી સમજણ માટે સશકત હોઇ શકતા નથી માટેજ શાસ્ત્રકારોને તેની સૂક્ષ્મ બાજુને ઉપશમાવી રાખી સ્થુળ બાજુ તેવા સૂક્ષ્મ સ્વરૂપને નહિ સમજનારાને બોધ થવા માટે માત્ર એક મોટી હકીકત જણાવી તેના ઉપરજ ( અતિશયોકિતના દોષને પણ નહિ ગણકારતા ) ભારે બોજો મુકયો છે. ખરી રીતે તો તેમની દૃષ્ટિ વિષયની સૂક્ષ્મ અને સ્થુળ બંને દીશા તરફજ હતી. હવે આપણે તેમની ખરી દૃષ્ટિને સમજી તે પૂર્વક પદાર્થોનું ગ્રહણ કે ત્યાગ કરવો જોઇએ, અને જે જે પ્રકારના આહારો પ્રમાદ અવસ્થાને ઉપજાવનારા છે. અથવા જે સારા આહારને પણ અતિ માત્રામાં ગ્રહવાથી તેવી અસર ઉત્પન્ન થાય છે તે સામે ચેતતા રહેવું ઘટે છે.

પ્રમાદનું બીજું મુખ્ય કારણ મનની નિર્બળ અવસ્થા છે તેવી નિર્બળતા હોવાના બીજા નિમિત્તો ઘણીવાર નથી હોતા છતાં પણ મનનો અસંશય કે તેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ બીજા કારણોથી તે છેક શિથીલ અને કાર્યભીરૂ બનેલું જોવામાં આવે છે. આનું કારણ બીજું કાંઇજ નહીં પણ આત્માના સંકલ્પ બળની ખામી છે. મન એ આત્માનું એક આંતર હથીઆર છે અને જ્યારે તે હથીઆર ઉપર તમોગુણ પ્રધાન નિમિત્તોનો કાટ ચઢેલો ન હોય તો પણ તેને ઉપયોગહીન રહેવા દીધાથી તે ગમે તેવું તીવ્ર અને કાર્યક્ષય હોવા છતાં તદન નકામુંજ બની જાય છે. આત્મા સતત્ વિકાસના ક્રમ ભણી ગતિ કરતો રહે તે અર્થે અલબત તેના સ્થૂલ અને સૂક્ષ્મ કરણો સત્વગુણ પ્રધાન અને ઉત્તમ કોટીના હોવા જોઇએ. પરંતુ વાસ્તવીક કાર્યના માટે એકલા સાધનો બસ નથી. તે શિવાય એક બીજા મહાન્ તત્ત્વની હમેશાં અપેક્ષા રહે છે. અને તે તત્ત્વ તે આત્માનો પ્રગતિમાન થવાનો સંકલ્પ છે. ઉત્તમ પ્રતિના સાધનો પણ ઉપયોગ વિના નિઃસત્વ અને નિર્બલ બની જાય છે. તે સાધનો જે કાંઇ કામ આપી શકે તેમ છે તેનો બધોજ આધાર આત્મા જેટલા સંકલ્પબળ વડે તેને જે દીશામાં યોજે તેના ઉપર રહે છે. જેમ નિર્બળ અને બેદરકાર સેનાપતિના હાથ તળેનું ગમે તેવું બળવાન્ સૈન્ય પણ યોગ્ય ને તૃત્વ અને યોજનાની ખામીથી લગભગ નિષ્ફળવત્ છે, તેમ આત્માની યોજક શક્તિ—સંકલ્પબળ જ્યારે ઢીલુ બને છે ત્યારે ગમે તેવા ઉત્તમ પ્રકારના બાહ્ય સાધનો પણ ઢીલા બની જાય છે. અધિકારીના બંધારણની અસર અધિકારી તળેના સત્વો ઉપર થયા વિના રહેતી નથી. દોરનારનો રંગ દોરાતા સત્વો ઉપર બેસી જાય છે, અને જે પ્રકારે સંકલ્પના પ્રકાર, પ્રમાણ અને દીશાની ગતિ અનુસાર તે તે સાધનોનો પ્રકાર, પ્રમાણુ અને દીશાની ગતિ બંધાય છે. અને ક્રમે ક્રમે નિર્બળ અને અધોગામી સંકલ્પ તેના સાધનોને પણ બીગાડી નાંખે છે. જેમ રોગી મનુષ્યના ઉદરમાં ગયેલા ઘી અને દૂધ જેવા ઉત્તમ અને પોષક આહારો માત્ર રોગ વૃદ્ધિનું જ કાર્ય કરે છે, અને રોગની વધતી જતી ગત્તિમાં પોતાનું બળ પણ ઉમેરી દે છે તેમ નિર્બળ અને અગતિમાન સંકલ્પબળના શોધકાર તળે આવતા બધા પ્રકારના શુભાશુભ સાધનો સંકલ્પની પ્રધાન ગતિમાં પોતાનું બળ ઉમેરે છે, અને તેના વેગ અને પ્રમાણમાં વધારો કરે છે. આથી સાધનોનો બધો આધાર ઉપર કહ્યું તેમ નિયામકના ઉપરજ અવલંબીને રહેલો છે. એક સંયમી મનુષ્ય ઉત્તમ, પોષ્ટીક અને જ્ઞાનતંતુને બળ આપનાર અહાર પરમાણુ ગ્રહણ કરી તેને પોતાનો ઉન્નતિક્રમમાં સહાયકરૂપે બનાવે છે ત્યારે એક કામી વિષયી મનુષ્ય તેવા જ અહારના પરિણામે પ્રગટતી શક્તિનો ઉપયોગ ભૃષ્ટતાને અધિકાધિક ભૃષ્ટ કરવા માટે કરે છે.

પ્રમાદવાળી અવસ્થાના ઉદ્ભવમાં ઘણું કરી આ બન્ને પ્રકારના કારણો મુખ્યતઃ રહેલા હોય છે. અને તેમાં બન્નેનો તેમજ તેવા જ અન્ય ગૌણ નિમિત્તોનો કેટલો ફાળો છે, તે વિવેકી મનુષ્યોએ પોતાની સમજનો ઉપયોગ કરી શોધી કહાડવું જોઇએ. જ્યાંસુધી તેમ કરવામાં નથી આવતું, ત્યાંસુધી તેને નિવારવાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રયત્નમાં ઉતરી શકાતું નથી. અને પ્રમાદના આવરણોમાં આત્મા નિત્ય વધારે વધારે ગુંગળાતો ચાલે છે. પરિણામ એ આવે છે પ્રગતિના અભાવે આત્માનું ખેંચાણ તે જે હલકી ભૂમિકાઓને વળોટીને આ સ્થિતિમાં આવ્યો છે, તે તરફ વધતું જાય છે. અને ઉન્નતિના પંથે વિચરવાનું તેનું બળ ઘટતું જાય છે. જેમ આરોગ્યનું ઘટવું એનો અર્થ રોગનું વધવું એજ છે, તેમ પ્રગતિનું અટકવું એ અધોગતિમાં જવા બરોબર છે. પ્રમાદ અને મદિરા એ ઉભયમાં કશો જ તફાવત નથી. બન્નેની અસર અને પરિણામ સરખાં છે. તફાવત એટલો જ છે કે પ્રમાદની અસર ધીમી, અપ્રકટ અને ગુપ્ત હોવાથી તેનું શત્રુકાર્ય મનુષ્યોના સમજવામાં સત્વર આવી શકતું નથી. અને એથી જ તેનાથી અધિક કરવાનું, ચેતવાનું અને બચવાનું રહે છે. સુશીલ.

## પન્યાસજી દાનવિજયજીના વ્યાખ્યાન પરત્વે આલોચનાકારની અજ્ઞાનતા.

જૈનશાસન પત્રના ફાલ્ગુન શુદી ૩ બુધવાર અંક ૪૬ માં એક 'શ્રમણ' ના નામથી પન્યાસજી દાનવિજયજી મહારાજના 'પ્રતિમા સિદ્ધિ' વ્યાખ્યાન કે જે આત્માનંદ પ્રકાશના માઘ માસના અંકમાં આવેલું છે તે ઉપર સમાલોચના કરવામાં આવી છે. પરંતુ એ સમાલોચનાકારનું કેટલું બધું અજ્ઞાનપણું છે તેમજ અવલોકન કરવા જતાં કેટલે દરજ્જે વિષયાંતર કર્યું છે અને અંગત ઇર્ષ્યા અને અંગત દ્વેષની લાગણીને કેટલા પ્રમાણમાં પોષવામાં આવી છે તે એક તટસ્થ વિચારકને જૈન શાસનનો અંક વાંચતાં સહજ જણાય તેવું છે. પંચમ કાળની અસરનો અમલ અન્ય શ્રમણો ઉપર મુકવા જતાં પોતે જ તેનો ભોગ થઇ પડયા છે. પોતે શ્રમણપણું પ્રાપ્ત કર્યા છતાં પણ–અલ્પજ્ઞાનને લીધે અનેક ભૂલો આવી જવા સંભવિત છે છતાં–અવલોકન કરવા જતાં અંગત ટીકા કરવામાં બહાદુરી માની છે, અને સૂર્ય સન્મુખ ધુળ ઉડાડનારની માફક નિષ્ફળ પ્રયત્ન કર્યો છે. તેમના લખવા મુજબ તેઓ આત્માનંદ પ્રકાશના નવા 'જ્ઞેય ગ્રાહક' થયા હોય તેમ લાગે છે, પરંતુ પોતે એક અવલોકનકાર તરીકે 'સાધુ જીવન' ની શૈલી બતાવે છે, એ ખુશી થવા જેવું છે. પરંતુ અવલોકન કરતાં એ 'સાધુ જીવનની શૈલી' સચવાણી છે કે કેમ, તેમજ જાણે બીજાના હૃદયના ભાવ જાણી લેવાની અદ્દભુત શક્તિ પ્રાપ્ત થઇ હોય તેવી માન્યતા કરતાં પન્યાસજીને 'વિચાર શૂન્ય' વગેરે દર્શાવી પો-

* જણાવે છે કે પા. ૨૧૪ માં ચોથી લીંટીમાં જે ક્ષાયક સમકીતી છે, તેને પ્રમાદ કરી શકતો નથી, અને એ અવસ્થામાં સંભવતો પણ નથી." તો ક્ષાયક સમકીતી તેને બદલે ક્ષપકશ્રેણી આરંભી છે. તેને પ્રમાદ અસર કરી શકતો નથી; અને સંભવ પણ નથી.

શ્રી. જૈન આત્માનંદ સભા ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાના હૃદયની હલકાઇ બતાવતાં ક્રિયામાર્ગને ઘણે અંશે ઉત્થાપતાં જરા પણ વિચાર કર્યો નથી એ એક શ્રમણ નામ ધરાવતા મુનિને માટે ઓછું શોચનીય નથી !

સ્પષ્ટીકરણ (૧)

સાધુ જીવનની શૈલિને સાચવવાનો દાવો કરનાર ‘ શ્રમણ ’ જૈન શાસનમાં લખે છે કે આત્માનંદ પ્રકાશના અંકમાં ૧૮૨ મે પાને છેલ્લેથી બીજી પંક્તિમાં શ્રીમદ્ દાનવિજયજી આ પ્રકારે કહે છે.

શિષ્ય—નિરાલંબન ધ્યાન, આજકાલ થઇ શકે કે કેમ ?

ગુરૂ—આજકાલ નિરાલંબન ધ્યાન ન થઇ શકે, તેથી મોટા મોટા મહાત્માઓએ પણ ધ્યાનના મનોરથોજ કરેલા છે.

તેમજ વળી આગળ ઉપર સ્વતઃ લખે છે કે ‘ મારા ક્ષયોપશમાનુસાર હું કહી શકું છું કે સાંપ્રતકાલે નિરાલંબન ધ્યાનનો અભાવ હોઇ શકે તેમ સંભવતું નથી, કદાચ આપ કોઇ એવું કોઇ મને શાસ્ત્રીય વચન દર્શાવશો કે આજકાલ ( વર્તમાનકાળે ) નિરાલંબન ધ્યાન લુપ્ત છે. ’ ઉપરનો સ્વતઃ કરેલો ખુલાસો કેટલો બધો અજ્ઞાનતાથી પરિપૂર્ણ એ શ્રમણ તરફથી જણાવવામાં આવેલો છે તે પન્યાસજીએ કરેલા તેજ ભાષણના વિષયમાં પૂર્વાપર સંબંધ વાંચતાં-વિચારતાં માલૂમ પડી આવશે. પંન્યાસજી પોતેજ ઉપરના વાકયમાં કહે છે કે, ‘ જ્યારે અપ્રમાદ નામનું પગથીયું પ્રાપ્ત થાય ત્યારે નિરાલંબન ધ્યાન થઇ શકે પણ તે પહેલાં નહિ’ આ વાકયનો વિચાર કરશે તો જણાશે કે, અપ્રમાદી મુનિઓને નિરાલંબન ધ્યાન કહેલું છે. તે પન્યાસજી પોતેજ શાસ્ત્રોક્ત રીતિએ લખે છે; પરંતુ એ હકીકત બરાબર નહિ વાંચતાં પૂર્વાપર સંબંધનો વિચાર કરવાને અશક્ત એ શ્રમણજીએ જૈન તત્વાદર્શ કે જે શ્રીમદ્ આત્મારામજી મહારાજનો બનાવેલો છે અને જેમાં મૂળ ગ્રંથ ગુણસ્થાનક્રમારોહની સાહદત લેવામાં આવી છે; તેમાં પા. ૨૬૬ મે આ પ્રકારે છે.

‘ હવે જો કોઇ પ્રમત્ત ગુણસ્થાનકમાં નિરાલંબન ધર્મધ્યાન કહેતા હોય તો તેનો નિષેધ કરેલો છે, જિનભાસ્કર એમ કહી ગયા છે કે જ્યાંસુધી સાધુ પ્રમાદ સંયુક્ત હોય ત્યાંસુધી તેને નિરાલંબન ધર્મધ્યાનનો સંભવ નથી. આ પંચમકાળમાં મહામુનિ ઋષિઓએ નિરાલંબન ધ્યાનનો મનોરથ જ કરેલો છે. ’ તથા च पूर्वमहर्षयः ॥

चित्तेनिश्चलतां गतेप्रशमिते रागादिनिद्रामदे ।
विद्राणेऽक्ष कदंबके विघटिते ध्वांतभ्रमारंभके ॥
आनंदे प्रविजृंभिते पुरपते ज्ञाने समुन्मीलिते ।
मां रक्ष्यंति कदा वनस्थमभितो दुष्टाशयाः श्वापदाः ॥

( સુરપ્રભાચાર્ય. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" ચિત્ત નિશ્ચળ થતાં, રાગ, દ્વેષ, કષાય, નિદ્રા અને મદ શાંત થતાં, ઇંદ્રિય સમૂહકૃત વિકાર દૂર થતાં, ભ્રમારંભક અંધકાર પ્રલય થતાં, જ્ઞાનનો પ્રકાશ થતાં, અને આનંદ પ્રકટ વૃદ્ધિમાન્ થતાં–આત્મઅવસ્થામાં સ્થિત–એવા મારા જીવને વનમાં રહેતાં દુષ્ટાશયવાળા સિંહ કયારે રક્ષા કરશે ? "

મતલબ કે પ્રમત્ત ગુણસ્થાનકે તો નિરાલંબન ધ્યાનનો સંભવ જ નથી. પરંતુ અપ્રમત્ત ગુણસ્થાનકની છેલ્લી હદે ' રૂપાતીત ' નામે ધર્મધ્યાનના ચતુર્થપાદ પ્રાપ્ત કરનારને-જે શુક્લ ધ્યાનની શરૂઆત કરાવી આપે છે-તેમને એ ધ્યાન પ્રાપ્ત થઇ શકે છે પરંતુ તે સ્થિતિ–અપ્રમિત્ત ગુણ સ્થાનકની છેલ્લી સ્થિતિ–આ કાળના મનુષ્યોને માટે અગમ્ય હોઇ શાસ્રકાર કહે છે તેમ ' ધ્યાનના મનોરથો જ કરે છે ' એમ આ ઉપરથી સ્વતઃ સિદ્ધ થાય છે.

## સ્પષ્ટીકરણ (૨)

આગળ ઉપર જૈન શાસનમાં પન્યાસજી મહારાજના વ્યાખ્યાનમાં ભૂલો શોધતાં દર્શાવે છે કે, " આત્માનંદ પ્રકાશના ૧૮૧ મે પાને આઠમી પંક્તિમાં ૮ રાગો શબ્દરૂપ હોવાથી નિરાકાર છે છતાં ઇત્યાદિ શ્રીયુત્ પન્યાસજીનું ભાષણ યુક્તિસહ નથી. કારણ કે જૈન દર્શનમાં કોઇ પણ પદાર્થને નિરાકાર સ્વીકાર્યો નથી."

આ ઉપરથી અમે શ્રમણજીને પૂછવા માગીએ છીએ કે જૈન દર્શનમાં જ્યારે કોઇ પ્રકારનો પદાર્થ નિરાકાર સ્વીકાર્યો નથી, તો નીચેના પદાર્થો સાકાર છે કે નિરાકાર તેનો સાધુ જીવનની શૈલિથી ખુલાસો જલ્દી આપશો.

આત્મા, જ્ઞાન, સમ્યકત્વ, ધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય.

આનો ઉત્તર જલ્દી પ્રાપ્ત થશે એવું માની હવે મૂળ હકીકત ઉપર આવીએ.

શ્રમણજીને ચારિત્ર લીધાં અનેક વર્ષો કદાચ થયાં હશે, પરંતુ જૈન શાસ્રકારોની કેવી શૈલિ છે તેનો અનુભવ હજી ઘણો અધુરો લાગે છે; અનેક સ્થળે જ્યારે જૈન શાસ્રકારો અન્ય દર્શનોના તત્વો અને સિદ્ધાંતોને જૈન દર્શનના સિદ્ધાંતો સાથે સરખાવતાં તેમના જ સિદ્ધાંતોને વળગી સ્વતત્વોનું સ્થાપન કરી સત્ય વસ્તુને બહાર લાવે છે અને તે શૈલિએ અન્યદર્શનોના સિદ્ધાંતો કરતાં સ્વસિદ્ધાંત કેટલો બળવત્તર છે, તે સ્થાપન કરે છે; આવી શૈલિ ખાસ કરીને અન્યદર્શનીઓને ઉદ્બોધક નિવડે છે, અને તે 'પરાભ્યુપગમ' શૈલિના નામથી સંબોધાય છે; દૃષ્ટાંત તરીકે ત્રિશષ્ઠિશલાકા પુરૂષ ચરિત્રમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્યે નીચે મુજબ કહેલું છે.

रूप गंध रस स्पर्शगुणातावद्वसुंधरा ।
प्रत्यक्षमेतदापोऽपि रूपस्पर्श रसात्मिकाः ॥ ३०७ ॥
रूपस्पर्शगुणं तेज एकस्पर्शगुणोमरुत् ।
अमीषामेवमाबाह्यं व्यक्ता भिन्नस्वभावता ॥ ३०८ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ શ્લોકોમાં પૃથ્વી–રૂપ, રસ, ગંધ અને સ્પર્શવાળી, પાણીરૂપ–સ્પર્શ, રસવાળું, અગ્નિ રૂપ અને સ્પર્શ ગુણવાળો, તેમજ વાયુ એક સ્પર્શ ગુણવાળો એ રીતે વાદીને દર્શાવતાં કહે છે કે, તમે પણ ભિન્ન સ્વભાવવાળા ઉપર મુજબ રીતે ભૂતો માનો છો; મતલબ કે, ભિન્ન સ્વભાવવાળી સ્થિતિ સાબીત કરવાને માટે પૂજ્યપાદ હેમચંદ્રાચાર્યે વાદીના મતાનુસાર એક અપેક્ષાએ કબૂલ રાખી ભિન્ન સ્વભાવતા સિદ્ધ કરી; તદુપરાંત બીજા દૃષ્ટાંત તરીકે શ્રીમદ્ હરિભદ્રસૂરિએ શાસ્ત્રવાર્તા સમુચ્ચયમાં શ્લોક ૩૧ માં કહ્યું છે કે,—

> अचेतनानि भूतानि न तद्धर्मो न तत्फलम् ।
> चेतनास्ति च यस्येयं स एवात्मेतिचापरे ॥ ३१ ॥

આમાં જૈનદર્શનાનુસાર પૃથ્વ્યાદિની ‘ભૂત’ તરીકે માન્યતા નહીં હોવા છતાં અન્ય દર્શન સાથે જૈનદર્શનનું સાપેક્ષપણું સિદ્ધ કરવાને માટે ગ્રંથકારે ‘પરાભ્યુપગમ’ શૈલિ વાપરી ચૈતન્યેતર પદાર્થને ‘ભૂત’ તરીકે સંબોધ્યા છે, આવીજ શૈલિને અનુસરીને પૂર્વાચાર્ય કૃત શ્લોકના અપવાદરૂપે પન્યાસજી દાનવિજયજીએ રાગોને નિરાકાર સંબોધ્યા છે, અને તે શ્લોક આ પ્રકારે છે.

> पुनश्चरागा अपिशब्दरूप्या । दाकारमुक्ताश्च तथापि तद्बुधैः ॥
> ते रागामालाह्वयपुस्तकेषु । न्यस्ताः किलाकारभृतः समस्ताः ॥

સુરચંદ્રવાચક કૃત શ્રી જૈન તત્ત્વસાર. પા. ૧૨૧

અહીં રાગને શબ્દરૂપ ઠરાવી નિરાકાર માન્યા છે; આ હકીકત પરાભ્યુપગમ શૈલિવાળી હોઈ શબ્દ સમૂહને અન્યદર્શનકારો નિરાકાર માનતા હોવાથી તેમજ લૌકિક રીતિએ પણ ચર્મચક્ષુ ગોચર નહીં હોવાથી ‘નિરાકાર’ તરીકે આરોપણ કરીને સંબોધ્યા છે; જૈનદર્શનાનુસાર ઇંદ્રિય સાપેક્ષપણે નિરાકાર છે, અને ઇંદ્રિય નિરપેક્ષપણે સાકાર છે એમ માનવામાં બાધ આવતો નથી એ વિચારવાની તસ્દી લેતાં જણાઇ આવશે. આ શૈલિનું અદ્ભૂત રહસ્ય શ્રમણજીની વૃત્તિમાં જલ્દી આવી શકે તેમ ન હોય તો વધારે વિચાર, અભ્યાસ અને મનનની આવશ્યકતા તેમને માટે રહેલી છે, તેમ સ્વીકારી લેવું; જેથી પન્યાસજી જેવા વિદ્વાનના ભાષણ પરત્વે નિર્દોષ સમાલોચના થઇ શકે; અસ્તુ; આત્માનંદ પ્રકાશમાં ભાષાંતર પરત્વે યદિ શબ્દનો અર્થ લખવો રહી ગયો બતાવે છે તો તે અક્ષરશઃ ભાષાંતર નહીં હોવાથી મૂળ અર્થને હાનિ પહોંચી નથી તેથી એ હકીકત વિશેષ વિચારમાં મૂકવાની આવશ્યકતા નથી. તદુપરાંત તેમણે માસિકને સૂચના કરવા જે શ્રમ લીધો છે, તે શ્રમ જો તેમણે જૈન દર્શનના વિપુલ અભ્યાસમાં તેમજ એક અવલોકનકાર તરીકેની યોગ્યતા પ્રાપ્ત કરવામાં લીધો હોત તો કાંઇક અંશે સફળ થાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## સમાલોચકની શ્રદ્ધામાં એક વિચિત્રતા.

શ્રમણજી લખે છે કે પન્યાસજીનો ઉલ્લેખ માત્ર ' અધ્યારોપત પદાર્થદ્વારા સત્ય પદાર્થનું ભાન કરાવનારી **પ્રાચીન પણ વીશમી સદીમાં નિર્જીવ થયેલી મૂર્તિપૂજાની શૈલિને કાયમ રાખવા ખાતર છે.** ' આ ઉપરથી શ્રમણજી મૂર્તિપૂજા જેવા આ દુષમકાળના સબળ અને પુષ્ટ આલંબનને નિર્જીવ માને છે અને પન્યાસજીને તેવા નિર્જીવ આલંબનને ટકાવી રાખનાર માને છે ! આ ઉપરથી શ્રમણજી અધ્યાત્મજ્ઞાની હોવાનો દાવો કરી મૂર્તિપૂજાને નિર્જીવ માનતા જણાતા હોય તેવું લાગે છે. પોતે નિરાલંબન ધ્યાન આ કાળમાં છે તેવું સ્વકપોલ કલ્પિતપણે સ્થાપન કરી એ ધ્યાન સાધવા માટે મૂર્તિપૂજા નિર્જીવ ગણવા તત્પર થઇ ગયા હશે અને યોગશાસ્ત્રમાં **इदमादिम संहनना एवाऽलं पूर्व वेदिनः कर्तुम्** એ વાકય વડે નિરાલંબન ધ્યાન પ્રથમ સંઘયણ વગર ધ્યાઈ શકાતું જ નથી તેવો ઉલ્લેખ કરેલો હોવા છતાં, શ્રીમદ્ **યશોવિજયજી, હેમચંદ્રાચાર્ય, આનંદઘનજી** અને **આત્મારામજી** નિરાલંબન ધ્યાન ધ્યાતા હતા તેવું સ્વબુદ્ધિ અનુસાર કોઈ પણ વિશિષ્ટ પ્રકારના જ્ઞાનનો સદ્‌ભાવ પ્રાપ્ત થયો હોય! તેમ નિર્ણય કરી નિરાલંબન ધ્યાની બનવા ખાતર મૂર્તિપૂજાને નિષ્ફળ માનવા મનાવવામાં પોતાની શ્રદ્ધાનો આડંબર જણાઇ આવ્યો છે. શ્રમણજી ! આપ જરા જ્ઞાનચક્ષુ ઉઘાડી આપણી સમક્ષ જૈન શાસ્ત્રકારોએ દર્શાવેલા મૂર્તિપૂજાના અનેક ગ્રંથો વાંચો–સ્વામી વિવેકાનંદ જેવા અદ્વૈત માર્ગનો સંપૂર્ણ પ્રસાર કરનારા જૈનેતર પણ મૂર્તિપૂજાને આ જમાનાના પ્રાણીઓને માટે કેવું દૃઢ આલંબન માને છે તે શ્રદ્ધાપૂર્વક તપાસો. મૂર્તિપૂજાની સ્થિતિસજીવ હશે તો જ વાસ્તવિક નિરાલંબનપણાનો વખત આવશે. અધ્યાત્મજ્ઞાન કે નિરાલંબન ધ્યાન સાલંબનપણાના ચિરકાળ અભ્યાસ પછી પ્રાપ્ત થવું સંભવિત છે. પરંતુ ધર્મધ્યાનનો ' રૂપાતીત ' ભેદ અપ્રમત્તની છેલ્લી સ્થિતિએ શુકલધ્યાનના અંશરૂપ જ પ્રાપ્ત થાય છે તે સ્થિતિ આ કાળમાં છેજ કયાં ? અને એમ નહીં હોવાથી પૂર્વ પુરૂષોએ એ ધ્યાનના મનોરથ કરેલા એમ પ્રત્યેક સ્થળે શાસ્ત્ર ડિંડિમ વગાડીને કહે છે.

**લી. એક તટસ્થ.**

॥ ॐ ॥

## पूर्ण स्वरूपाष्टक.

( માઢ. )

પ્રકટે આતમરૂપ, ભાવ જબ પૂરણ પામે રે—પ્રકટે૦
ઐંદ્ર શ્રી સુખમાં સક્ત જે પૂર્ણ, સચ્ચિદાનંદ સમેત;
દેખે પૂર્ણ આ લોકને ત્યારે, લીલા લગ્ન ભવેત. ભાવ૦ ૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર ઉપાધી કૃત પૂર્ણતા, યાચિત ભૂષણ જાન;
જાત્ય રત્નના તેજ સમ પ્યારે, આત્મિક પૂર્ણતા માન. ભાવ૦ ૨
ઉદધી ઉર્મિવત્ પૂર્ણતા, એહ વિકલ્પિક જાન;
વાસ્તવિક સ્થિર સિન્ધુ છે પ્યારે, પૂર્ણાનંદ ભગવાન. ભાવ૦ ૩
આશા સર્પને જાંગુલી સમ, જ્ઞાન દૃષ્ટિ જબ થાય;
દીનતા સમ વિંધુ વેદના પ્યારે, પૂર્ણ પુરૂષને શું થાય? ભાવ૦ ૪
કૃપણ માન્ય જે પૂર્ણતા, એહ ઉપેક્ષિત જાન;
દૃષ્ટિ પૂર્ણ પુરૂષની પ્યારે, સ્નિગ્ધ અમિય સમાન. ભાવ૦ ૫
અપૂર્ણ પામે પૂર્ણતા, પૂર્યમાન હિન થાય;
પૂર્ણાનંદ સ્વભાવ એ પ્યારે, જગ આશ્ચર્ય જણાય. ભાવ૦ ૬
પુદ્ગલ ભાવ મોહાંધ છે તે, નરપતિ પેખે ન્યૂન;
નાંહિ ન્યૂન દેવેંદ્રથી પ્યારે, સ્વાભાવિક સુખ પૂર્ણ. ભાવ૦ ૭
કૃષ્ણ પક્ષનો ક્ષય થતાં રે, શુકલના ઉદયની માંય;
સર્વભાવ પ્રકટ પૂર્ણાતમ, સોહે ચંદ્રવત્ ત્યાંય. ભાવ૦ ૮

(જીજ્ઞાસુ ઉમેદવાર.)

## मुनिविहारसे होते हुवे लाभो.

विदित हो की जगत् विख्यात न्यायांभोनिधि जैनाचार्य श्रीमद्विजयानंदसूरि श्री आत्मारामजी महाराजके सुप्रशिष्यरत्न शान्तमूर्ति महात्मा श्रीमान् मुनिश्री हंसविजयजी महाराज रतलाममें विराजमान थे जिनके दर्शनाथ और अपने ३ शिष्योंको बडी दिक्षा श्रीमान् पन्यास श्री संपतविजयजी महाराजके पास दिलवाने कि लिये देहलीसे उग्र विहार करते हूए, श्रीमान् मुनिश्री लब्धिविजयजी महाराजका यहांपर पधारना हूआ आपके यहांपर दो प्रभावशाली भाषण ता. १६ मंगलवारको " मनुष्य धर्मपर " दूसरा भाषण ता. १७ शुक्रवारको " हमारा क्या कर्तव्या है " इस विषयय दो प्रभावशाली व्याख्यान बाबासाहिबके मन्दिरमें हूए व्याख्यानके सभापतिका आसन शान्तमूर्ति महात्मा श्री मुनिहंसविजयजी महाराजने ग्रहण किया था. और सभापति महोदयके व्याख्यानसे पेष्तर श्री आत्मानंद जैनश्वेताम्बर पाठशाळाके विद्यार्थीयोने मंगलीक रुपमें सूरिली आवाजसे संस्कृतके काव्य पढे थे. सभापति महोदयके तथा मुनि लब्धिविजयजीका व्याख्यान स-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



माप्त होनेपर प्रेन्सिपल ट्रेनिंगकालेजके रविशंकर जाइने उपस्थित हो कर सजापति महोदय श्री शान्तमूर्ति श्रीमान् श्री मुनि हंसविजयजी महाराजको और व्याख्यानदाता श्रीमान् मुनि लब्धिविजयजी महाराजको हार्दिक धन्यवाद देते हूए. दोनोंकी व्याख्यानोंकी प्रशंसा बहूत ही अच्छे शब्दोंमें की थी यध्यपि उक्त महाशय ब्राह्मण थे, परन्तु निरपक्षताको स्वीकार कीया था. बाद आपके मास्टर मिश्रीमलजीने आए हुए सजासदोंका धन्यवाद मनाते एहू. यह फरमाया कि श्रीमान् मुनि श्री हंसविजयजी महाराजके यहांपर पधारनेसे आज पर्यंत जो धर्मोन्नतिके कार्य हुए हैं उन सबको अलग अलग नामोसे आपलोगोंको सुनाउ और उन नामोंके गुणोंका संपूर्ण ब्यान करुं तो एक किताब बन जाय इसलिये सिरफ सूचना मात्रसे ही आपको याद दिलाता हुं और याद दिलानेका मतलब यह है कि अब महाराजजी साहिबको विहारका समय बहुतही निकट आ गया है; इसलिये हमको उचित है कि हम सब यथाशक्ति नियम पच्चख्काण करें जिससे हम लोगोंको महाराजजी साहिबका प्रतिक्षण ध्यान रहे और हम लोग चाहे सहस्र जिव्हाद्वारा आपके उपकारका वर्णन करें तो जी नहीं कर सक्के और हम श्री संघ मुनि लब्धिविजयजी महाराजको धन्यवाद देते हैं जिन्होंके जाषणद्वारा आपकी कृपासे यह सौजाग्य माप्त हुआ समय अधिक न होनेके कारण सजा विसर्जन कि जाती है.

बाद आपका रतलामसे विहार प्रतापगढकी तरफ हुआ प्रथम मुकाम आपका १ माइलपर रहा, विहारके समय कुल श्री संघ आपके साथ चल रहाथा, उस समय यह शब्द मुक्त कंठसे निकल रहेथे की हमने आजतक ऐसा विहारका मोका नहीं देखा बाद १ माइलपर जिनमें पहुंचे उस वखत श्रीमान् पन्यास श्री संपतविजयजी महाराजने श्री गुरु महाराजकी आज्ञानुसार साथ आए हुए सैंकडो पुरुषोंको धर्मोपदेश सुनाया, बाद प्रतःकाल बिहार करते समय जिनके अध्यक्ष ब्राह्मण जाइने महाराजजी साहिबसे नियम प्रत्याख्यान किये बाद यहांसे आपका धामणोंदमें पधारना हुआ यहां थोमा ही समय हुआ है कि एक प्राचिन प्रतिमा निकली है, जोकि दर्शनके योग्य मनोहर बिम्ब है यहांपर आपके दर्शनार्थ रतलामसे श्री संघ आया हुआथा, उस समय एक जाविक महानुजावकी तरफसे खूब राग रागणीयोंसे पूजा प-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ठाइ गइ और मुनिश्री लब्धिविजयजीके नाषण होनेसे सरकारी पुरुषोंने नी लान लियाथा और रतलाम निवासी शेठ जोरावरमलजीकी तरफसे स्वामी वच्छल करनेमें आयाथा बाद आपका पधारना शैलाना राजधानीमें हुआ यहां पर नी प्रसिध्द व्याख्यानद्वारा धर्मका ठाठ अच्छा रहा, व्याख्यानमें राजकीय पुरुषोंने नी अच्छा लान उठायाथा जिससे शैलाना दरबार राजा साहिबने श्रीमान् शान्तमूर्त्ति मुनिश्री हंसविजयजी महाराज आदि मुनिराजकी मुलाकात लेनेके लिये राजा साहिबने राजकीय पुरुषों द्वारा जतलानेसे महाराजश्री हंसविजयजीने अपनी तरफसे जैनाचार्य श्रीमद्विजय कमलसूरीश्वरजी महाराजके शिष्य मुनिश्री लब्धिविजयजी महाराजको राजकीय माननीय श्रीयुत बक्षीजीके साथ राजा साहिबके पास नेजदिये. मुनि महाराज श्री लब्धिविजयजीसे राजा साहिबने अन्यान्य कइ विषयोंपर प्रश्न किये नी अच्छा है, इसलिये उत्तरसेंसे क्योंकि आप संस्कृतसे अच्छे वाकीफ है, और दर्शनादिकका ज्ञान सन्तुष्ट होकर राजासाहिबने यह फरमायाकी यदि आप के साथ एक चौमासे तक सहवास रहे तो विशेष लान होनेकी संनावना है, इसलिये उचित यही है कि आप चातुर्मास तक यहांपर ही विराजमानही रहैं क्योंकि २–३ दफा जैन साधुओंसे समागम हूआ लेकिन आप जैसे विद्वान् जैन साधुका समागम आज ही प्राप्त हुआ है. वगेरा बातें प्रश्नोत्तर समाप्त होनेपर मुनिमहाराजजीसे–राजा साहिबने उठते समय यह फरमाया दरवाजेमें आकर कि जहांतक हो सके वापीस इधरकी और ही छोटे मुनिमहाराजके जानेसे राजा साहिबका अनुराग जैनदर्शनपर बहूत ही अच्छाहू क्यों कि राजा साहिबस्वयं संस्कृतका ज्ञान अच्छा धराते हैं. बाद यहांसे छोटे छोटे ग्रामोंमें विचरते हूए प्रतापगढ पहुंचनेका विचार था, परन्तु रास्तेमें अरणोद श्री संघकी अत्यन्त प्रार्थना होनेसे बम्री दिक्षाका कार्य यहांपरही निश्चित रखा. आपका यहांपर नगरमें प्रवेशके समय अंग्रेजी बाजे निशान तथा सजे सजाये तुरंगादि अत्यन्त ठाठ रहाथा और बाजारको धजायेद्वारा बम्रा ही सुशोभीत कर दियाथा इसतर बमे समारोहके साथ प्रवेश हुआ और उपाश्रयमें पधारकर सबको धर्मोपदेश सुनाथा और इसीतर गुणोत्कीर्तन श्रवण करनेसे प्रतापगढके नरेश महाराजा के कारनारी साहिब आदि राजकीय पुरुष आपके दर्शनार्थ आएथे, और साथमें प्रतापगढके निवासी जैन जातीके हितेछु श्रीयुत शेठ लक्ष्मीचंदजी घीया अपने विशाल मित्रमंम्लके साथ तशरीफ लाएथे आपके यहांपर विराजनेसे

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



तथा बहारके जैन समुदायसे व जैनेतरोके पधारनेसे और यहांके निवासी शेठ किसनदासजी आदि श्री संघके अत्यन्त उत्साह और उक्त महाशयके अन्य-उदार वृत्ति होनेसे प्रवेशका ठाठ तथा बडी दिक्षाका महोत्सव तथा श्रीम-न्दिरजीमे पुजा पढानेका ठाठ और स्वामीवत्सल्य एवम मंडपकी रचना और नन्दिमे सोनामहोरका चढाना तथा श्रीसंघ प्रतापगढकी तरफसे देव द्रव्यमें वृध्धि वगेरा धर्मोन्नतिके कार्य यहांपर अतिव प्रशंसनिय हुए हैं और दिक्षाकी समाप्तिमें जैन समुदाय प्रार्थना होनेसे और श्री शान्तमूर्ति महाराज श्रीहंस-विजयजी महाराजकी आज्ञानुसार मुनि लब्धिविजयजी महाराजका समयो-चित प्रभावशाली व्याख्यान हुआ तत्पश्चात इस सुअवसरपर आए हुए शेठ लक्ष्मीचंदजी घीयाने मंगलाचरणके बाद महात्मा शान्तमुद्रा श्री मुनि हंसविजयजी महाराज तथा श्रीमान् पन्यास मुनि संपतविजयजी महाराज और मुनि श्री लब्धिविजयजी महाराजादि मुनिराजोंको यहांपर पधारनेका धन्यवाद मनाते हुए, बहारके जैन जातीके नेताओंको और यहांके श्री संघको हार्दिक धन्यवाद देते हूए फरमाया कि धन्य है यहांके श्री संघको के जिन्होंने महाराजजी साहिबके उपदेशामृतसे इतने अल्पहाइमें पूर्ण उत्सा-हसे इतने धर्मोन्नतिके कार्य कर बतलाए, और अन्त मेरी यह प्रार्थना कि आप सर्व सज्जन मुनि महाराजने अपने व्याख्यानमें जिन जिन बातोंपर उप-देश फरमाया है उसमेंसे सर्वथा नहीं तो अपनी शक्तिके अनुसार ग्रहण करे बस दिक्षा महोत्सव समाप्त हुआ और बडे ठाठके साथ महात्माजी वापीस मुनिमंडलके साथ उपाश्रयमें पधारे—आपका यहांपर दो चार दिन विराजमान होगा, और प्रतापगढकी ओर जाना होगा. प्रेक्षक-

## તત્ત્વજ્ઞાન પામવાનો અને તેને સફળ કરી લેવાનો ચોખ્ખો અને સરલ ઉપાય.

*વિવેકાચરણ.*

" श्रूयतां धर्म सर्वस्वं, श्रुत्वा चैवा वधार्यताम्;
आत्मनः प्रति कूलानि, परेषां न समाचरेत्.

( શ્રીમાન હરિભદ્રસૂરી શ્રી લોક તત્વ નિર્ણય ગ્રંથ ) ૧૪૪૪ ઉત્તમ ગ્રંથોના પ્રણેતા પોતાના બહોળા શાસ્ત્ર અભ્યાસ અને આત્મ અનુભવ ઉપર ભવ્ય પ્રાણીઓના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હિતમાટે ફરમાવે છે કે. " ભો સુખાર્થી જનો ' જો તમને સાચા સુખની ઇચ્છા જ છે તો અહિંસાદિ ઉત્તમ ધર્મની ધુરાને ધારનારા કોઇ નિસ્પૃહી જ્ઞાની ગુરૂની પાસે વિનય, બહુમાન પૂર્વક સતશાસ્ત્રરહસ્યનું રૂચિથી શ્રવણ કરી, અને તે શ્રવણ કરાયેલાં રહસ્યાર્થને નિજ હ્રદયમાં સારી રીતે ઉતારો અને એમ કરી છેવટે કદાપિ પણ કોઇ પ્રાણીને પ્રતિકુલતા ભરેલું કાર્ય નજ કરો, ન કરાવો અને ન અનુમોદન આપો, કેમકે ' જેવા આપણ એવા સહુ ' જુઓ ! સહુ કોઇ જીવિત ઇચ્છે છે. કોઇ મરણ ઇચ્છતા નથી. એમ સમજી કોઇને પ્રાણ હાની થાય એમ નજ કરવું. સહુ કોઇને આત્મસમાન લેખવા કોઇ સાથે વૈર વિરોધ ધારવો યા વધારવો નહિજ. પણ મૈત્રિભાવજ ધારવો, કોઇને અપ્રિય ( અનિષ્ટ ) લાગે એવું અને અંતે અહિત રૂપ થાય, એવું વગર વિચાર્યું વચન કદાપિ ઉચરવું નહિ. નહિતો મૌનજ ધારી રહેવું યુક્ત છે. અપ્રિય અને અહિત વચન કદાચ સત્ય હોય તો પણ અસત્ય લેખ્યું છે કેમકે તેથી લાભને બદલે હાની થવા પામે છે, શાસ્ત્ર અવિરૂદ્ધ વચનજ વદવું, ન્યાય, નિતી, અને પ્રમાણિકપણું બરાબર પાલવાં, એથી ઉલટો માર્ગ કદાપિ પણ નહિ આદરવો.

પરદ્રવ્યને ધૂળ જેવું લેખી, તેથી વિરકત રહેવું, તુચ્છ સ્વાર્થની ખાતર નિયત બગાડવી નહિ. નિઃસ્વાર્થતા આદરતાં શિખવું, પરસ્ત્રીને તો નિજ માતા બ્હેન યા પુત્રી સમાનજ લેખવી. પ્રાપ્ત દ્રવ્ય વડે સંતોષ રાખી, બને તે પરોપકાર સાધવો, જૈન તત્વજ્ઞાનની વૃદ્ધિ થાય તેમ કરવા લક્ષ રાખવું. ક્રોધાગ્નિ, મદાંધતા, માયા, કુટિલતા, અને પર આશા તૃષ્ણા દુર થાય, તેવો સતત્ પ્રયાસ કરવો, રાગદ્વેષની વિષમતા વારવા અને સમતા ગુણને આદરવા, કલેશ કુસંપને દુર કરવા અને સુલેહ સંપ સ્થાપિત કરવા, સહસા અસત્ આરોપ ન દેતાં સત્ય સિદ્ધાન્ત, દાખવવા નારદ વૃતિવડે ઉભય પક્ષને વઢાડી નહિ મારતાં સાંધપાલની જેવી ઉદાર દ્રષ્ટી ધારણ કરવા, પ્રાપ્ત સુખ દુઃખમાં મુંઝાઇ નહિ જતાં સમભાવે રહેતાં, પરનિંદા કે આપબડાઇ નહિ કરતાં પારકા ગુણાનુવાદ સાથે આત્મ લઘુતા ધારતાં, બગભક્તિ અને ખોટી ખુશામત નહિ કરતાં શુદ્ધ ભક્તિ સાથે હિંમતથી સત્ય કથન કરતાં અને સર્વ શંકાદિ દોષ તજી નિઃશંકપણે શુદ્ધ તત્વ શ્રદ્ધા અડગરીતે પાળવા સતત્ પ્રયત્ન કરવો એજ કલ્યાણકારી છે. !

ઇતિશમ્.

યોજક.

મુનિરાજ શ્રી કર્પૂરવિજયજી મહારાજ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈનોન્નતિ.

જૈન ધર્મ પાળનારાઓની સંખ્યા પ્રથમના પ્રમાણમાં ઘણી ઓછી થઇ ગઇ છે. વસ્તિ કમી થઇ છે. જૈનોની જે સંખ્યા હાલમાં વિદ્યમાન છે. તેમાં પણ ઘણો ભાગ નિર્ધન સ્થિતી ભોગવે છે. માટે તે માટે કંઇ વ્યવસ્થા થવી જોઇયે, એવી ચર્ચા ચાલે છે, વાત વાસ્તવીક છે, અને તેને માટે કંઈ યોજના થવી જોઇએ, એ વાત પણ ખરી છે.

માંદા માણસને સારો કરવા સારૂ પ્રથમ હુશિયાર વૈદ્ય કે ડાકટરને બતાવ્યા પછી તેના માટે કયા ઉપચારો કર્યા હોય તો દરદી જલદી સારો થાય, તેનો પ્રથમ વિચાર કરી તેને દવા આપે છે, અને તે દવાના અનુવાદની તેને યોજના કરી આપે છે, દવાની સાથે પથ્ય ભોજન તેને માટે કયું છે, તે તેને બતાવવામાં આવે છે. દરદી વૈદ્યની સલાહ મુજબ દવાનો ઉપયોગ કરી આહાર-વિહારમાં પથ્ય પાલે છે, તો જલદી સારો થાય છે અને રોગથી મુક્ત થાય છે, તે ધોરણ નીચે મુજબ—

જૈનોની ઉન્નતિના સંબંધે કેવા પ્રકારની યોજના કરવામાં આવે તો તેનો અમલ થઇ શકે અને તે માટે નવીન વિચારોની યોજના કરતાં પહેલાં ભગવંતના ધર્મમાં તેના શું શું ઉપાયો બતાવેલા છે, તેનો આપણે અહીં પ્રથમ વિચાર કરીશું.

સર્વોત્કૃષ્ટ ઉન્નતિ મોક્ષપદ પ્રાપ્તિ છે. તેનો ઉપાય સમ્યક્જ્ઞાન, દર્શન, ચારિત્રનું આરાધન છે. સર્વોત્કૃષ્ટ ઉન્નતિની પ્રાપ્તિનો ઉપાય તેને માનવામાં આવ્યો છે, અને તેજ પરમસત્ય છે, તો પછી તે ઉપાય સામાન્ય સમાજ-સંઘ ઉન્નતિમાં કેટલે દરજ્જે કામે લાગે તેમ છે, તે આપણે જોઇએ.

ઉન્નતિનો પહેલો ઉપાય એ છે કે, સમ્યક્જ્ઞાનનો ફેલાવો અને વધારો થવો જોઇયે. વર્ત્તમાનમાં જૈનોની ઉન્નતિ અથવા ઉદયને માટે બીજા જે જે પ્રયાસો થાય છે, તે સર્વ કરતાં સમ્યક્જ્ઞાનનો પ્રચાર વધારે થાય અને તેનો લાભ વધુ પ્રમાણમાં લેવામાં આવે તેમ થવું જોઇયે. જ્યાંસુધી સમ્યક્જ્ઞાનનો ફેલાવો થશે નહીં અને તેનો લાભ લેનારાનું પ્રમાણ વધશે નહીં, ત્યાંસુધી ઉન્નતિની અને ઉદયની આશા રાખવી એ ફોગટ છે.

એવો પ્રયાસ કરે કોણ? એ સવાલ ઉભો થાય છે, પણ તેનું નિરાકરણ તરતજ થાય છે. જેના મનમાં જૈનધર્મ યાને જૈનધર્મ પાળનારાઓના ઉદય અને ઉન્નતિના વિચારો ઉદ્ભવે છે, તેમણે જ એ પ્રયાસ કરવાનો છે. જેના મનમાં યા વિચારમાં ઉન્નતિ અને ઉદય એ શબ્દ જ આવતો નથી, તેને એ કામ કરવાનું જ નથી, કેમકે તેને તેની દિશાની જ ખબર નથી.

જેના મનમાં અને વિચારમાં ઉન્નતિ અને ઉદયના વિચારો આવે છે, તેમણે પ્રથમ પોતે જાતે જ સમ્યક્જ્ઞાન મેળવવાનો પ્રયત્ન કરવો જોઇએ, પોતે જે જ્ઞાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળવ્યું હોય તેનો લાભ બીજાઓને આપવાનો પ્રયાસ કરવો જોઇએ, એ પ્રયાસ બાહ્ય આડંબર દેખાવનો નહીં હોતાં શુદ્ધ અંતઃકરણનો અને ફરજ તરીકેનો હોવો જોઇએ. અને જ્ઞાનનો લાભ લેનારની સંખ્યામાં દીવસે દીવસે વધારો થાય તેવા પ્રકારના પ્રયત્નો તેમણે કરવા જોઇએ.

સમ્યક્જ્ઞાન વધવાની સાથે જ કૃત્ય અકૃત્યનો વિચાર થઇ સત્ય વસ્તુ તરફ શ્રદ્ધા થશે અને પોતાનું કર્ત્તવ્ય ફરજ શું છે, એમ સમજવામાં આવશે. અને પોતાની ઉન્નતિ અને ઉદય શેમાં છે, તેનો તે વિચાર કરશે, તેનામાં વિવેકબુદ્ધિ જાગશે.

ઉપરની બન્ને વાતો થશે એટલે પોતાનું ચારિત્ર-(કેરેકટર)વર્ત્તણુંક-રીતભાત-આચાર અને સ્થિતિ સુધારવાને આપોઆપ પ્રયત્ન કરશે. જો જ્ઞાન પ્રાપ્તિ કર્યા પછી પોતાની રીતભાત આચાર-વિચાર સુધારવાને અને ચારિત્રમાં આગળ વધવાને પ્રયત્ન કરવામાં ન આવે તો ઉપરની બન્ને વાતોનો તેનામાં અભાવ છે, એમ અનુમાન કરવામાં આપણે ખોટા ગણાઈશું નહીં. કેમકે જેનામાં સમ્યક્જ્ઞાન અને શ્રદ્ધા બન્ને વાતો હોય તો તેના પરિણામરૂપે તેનામાં દુર્ગુણોનો ત્યાગ અને સદ્ગુણો તરફ રાગ થવો જ જોઇયે. તે જો ન હોય તો પછી પોપટની પેઠે કંઠ શોષ જેવા જ્ઞાની-પઠત મુર્ખો પોતાની અને પરની ઉન્નતિને શી રીતે સાધી શકવાના છે? જ્યાં દેશથી અથવા સર્વથી ચારિત્રની શુદ્ધિ થવા લાગી કે ઉદયના નજીકના પ્રદેશમાં આપણે આવી પહોંચ્યા એમ માનવાનું છે.

ચારિત્રના પ્રદેશમાં પેસતાની સાથે જ આપણામાં ન્યાયીપણું આવવું જોઇએ ન્યાયી અથવા પ્રમાણિકપણાનો ગુણ એ ઉદયના મૂળ ગુણરૂપે છે, અને શાસનકારોએ બધા ગુણોમાં પ્રથમ એનીજ ગણના કરેલી છે. દેશવિરતિ શ્રાવકના વ્રત અંગિકાર કરતા પહેલાં માર્ગાનુસારીના ૩૫ ગુણ અને શ્રાવકના ૨૧ ગુણો જાણવા જોઇયે. માર્ગાનુસારીના ૩૫ ગુણોમાં ન્યાય વિભવ નામા પહેલો ગુણ મુકયો છે. જૈન ધર્મ પામવાને અને આપણી સંસારિક અને આત્મિક ઉન્નાતની ઇચ્છા ધરાવનારે પોતે ન્યાયી થવું જોઇએ. જ્યાંસુધી પોતાનામાં ન્યાયીપણું આવશે નહિ, ત્યાંસુધી બન્ને પ્રકારની ઉન્નતિમાંથી એકે પ્રકારની ઉન્નતિનો સદ્ભાવ થવાનો નથી. જૈન સમાજમાં આ ગુણ અધિક અધિક વૃદ્ધિ પામે એવા પ્રકારનો ઉપદેશ વધવો જોઇએ, અને તેવાજ પ્રકારના પ્રયત્નો થવા જોઇએ. જૈન વિદ્યાશાળા, પાઠશાળા અને આશ્રમોમાં બીજું શિક્ષણ આપતાં પહેલાં આ વિષય વિદ્યાર્થીઓને શીખવવો જોઇએ એટલુંજ નહિ પણ બીજા શિક્ષણની સાથે વિદ્યાર્થી ન્યાયીપણામાં કેવી રીતે આગળ વધે એને માટે તેમાં ખાસ યોજના અને તજવીજ થવી જોઇએ. જેટલા જેટલા અંશે ન્યાયી પણાનો આપણામાં વધારો થશે, તેટલે તેટલે અંશે આપણે ઉન્નતિમાં આગળ વધવાને વધારે શકિતમાન થઇશું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વખતનો સદ્ ઉપયોગતા—આપણામાં વખતની કીંમત બીલકુલ નથી એમ જો કહીએ તો ખોટું નથી. વણીક બુદ્ધિ પૈસા કમાવવા તથા બચાવવા તરફ વધારે હોય એ વાત ખરી છે. પણ પૈસા કરતાં વખત વધારે કિંમતી છે, એ વાત લક્ષ બાહાર જવા જેવી નથી. સમ્યક્જ્ઞાનની સાથેજ વખતનો સદુપયોગ કરવાની અને નકામો વખત ન જાય તેને માટે કાળજી કરવાની ટેવનો ગુણ આપણામાં વધવો જોઇએ. સ્વપર ઉન્નતિના ઇચ્છક માણસ જો વખતનો સદુપયોગ કરે તો, અમને કામ કરવાનો વખત નથી, અમને ફુરસદ નથી, એવા જે ઉદ્ગારો આપણે સાંભળીએ છીએ, તે સાંભળવાનો વખત આવશે નહિ.

સત્ ઉદ્યોગ—વખતનો સદુપયોગ કરવાની ટેવ પડવાની સાથેજ ઉદ્યોગ કરવાની પ્રવૃત્તિનો તેનામાં ગુણ ઉત્પન્ન થશે. વખત અને ફુરસદના અભાવની વાતો કરનારા કેટલાક માણસો સારો ઉદ્યોગ કરી શકતા નથી અને કરવાની શરૂઆત કરે છે તો તે પરિપૂર્ણ કરતા નથી. કોઇપણ કામની શરૂઆત કિંવા આરંભ કરતા પહેલાં તેના માટે સારા સારા વિચાર કરી તેના પરિણામનો વિચાર કરવો જોઇએ. તે કર્યા બાદ જો એક વખત કામની શરૂઆત કરવામાં આવે તો પછી તે કામ પરિપૂર્ણ કરવાને માટે જીવતોડ પ્રયાશ કરવો જોઇએ. આ ગુણ ઉન્નતિના ઇચ્છકને બહુ ઉપયોગી છે.

કુવ્યશનોનો ત્યાગ—ઉન્નતિના તરફ વિહાર કરનારાઓને વ્યશનો બહુ હરકત કરે છે. તેણે તો નિર્વ્યશની થવું જોઇએ. વ્યસન કરે તે વાણીયો નહિ. આ કહેવતને આપણામાંથી દેશવટો આપવામાં આવ્યો છે અને વ્યસન એ ગ્રહસ્થાઇનું લક્ષણ માનવામાં આવે છે. આ ભૂલ પણ ખાસ સંભાળવા જેવી છે. પોતાના ઘરે આવનારનું આદરાતિથ્ય વ્યસન અને માદક પદાર્થો પુરા પાડવાથીજ થાય છે. એવી સમજુતી ગૃહસ્થપણાનો દાવો કરનારાઓના મનમાં હોય તો તે પોતે પોતાનો અને જૈન ધર્મ પાળનારાઓનો નાશ કરે છે. તેની સાથે તેઓ ભારે કર્મિ પણ થાય છે. એ વાત બહાર જવા જેવી નથી.

જૈનધર્મ પાળનારાઓની સંસારિક અને આત્મિક ઉન્નતિ એજ ધર્મની પણ ઉન્નતિ છે. જૈન ધર્મનો પ્રકાશ ત્યારેજ થયેલો સમજવાનો છે કે જૈન સંઘ ઉન્નતિના પ્રદેશ તરફ ઉત્તરોત્તર વધતા જશે. નકામી વાતો કરવાથી અને ઠાઠ્ઠીઠઠારો કરવાથી કદી પણ ઉન્નતિ થવાની નથી. એવી ઠગાઇ કે લુચાઇ કંઇ કામ લાગતી નથી, કે બહારનો આડંબર કામ લાગવાનો નથી. આખરે સત્ય પાયા ઉપર આવ્યા શિવાય જૈન ધર્મ અને ધર્મિની ઇમારત મજબુત થવાની નથી એ નક્કી છે, અને જૈનતત્વજ્ઞાન આપણને તેજ શીખવે છે.

લેખક—
વકીલ નંદલાલ લલુભાઇ.
વડોદરા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રી આત્માનંદ પ્રકાશ પત્રના અધિપતી સાહેબ, આ વીગત આપના છાપામાં છપાવી આભારી કરશોજી. લી૦

**બાઇ વાલી વીરચંદ**

જૈન વનીતાવિશ્રામ મુ૦ સુરત ગોપીપુરા.

## મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજના ઉપદેશથી સુરતમાં નિરાધાર શ્રાવિકાઓના સાધન માટે ખોલવામાં આવેલું ફંડ.

મહા વદ પાંચમના રોજ સુરતમાં ગોપીપુરામાં આવેલી શ્રાવકની નવી ધર્મશાળામાં ઝવેરી નગીનચંદ કપુરચંદના ત્યાં શાન્તિસ્નાત્ર પુજા હતી. તે વખતે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાનો સમુદાયથી અપાસરો ચીકાર ભરાઇ ગયો હતો. જે વખતે પન્યાસજી મહારાજ શ્રી સિદ્ધિવિજયજી મહારાજ પણ બીરાજમાન હતા. અવસરના જાણ મહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે સમુદાય સમક્ષ ભાષણ આપ્યું હતું. વિષય જીવદયાથી શરૂ કર્યો હતો, ને જીવદયાનું દ્રવ્યથી અને ભાવથી સ્વરૂપ વીસ્તારથી કરી સંઘને સમજાવ્યું હતું, ત્યારબાદ સાતક્ષેત્રમાં સાધ્ય ક્ષેત્ર કોણ અને સાધક ક્ષેત્ર કોણ તે સમજાવ્યું હતું. સાધક ક્ષેત્ર ચાર ( સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. ) અને સાધ્ય ક્ષેત્ર બાકીનાં ત્રણ ( જૈન પ્રતીમા જૈન મંદીર અને જ્ઞાન ) તેનું વીવરણ કર્યું હતું. આપણા જૈન સમાજમાં સાધ્ય ક્ષેત્રની પ્રભાવના ઉત્તરોત્તર વૃદ્ધિ થતી નજરે આવે છે પણ સાધક ક્ષેત્ર જે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવીકારૂપ ચાર ક્ષેત્ર તે દિનપ્રતિદિન જીર્ણ થતાં નજરે પડે છે: તેમાં પણ ઉપરોક્ત સાત ક્ષેત્ર પૈકી શ્રાવક શ્રાવીકારૂપ બે ક્ષેત્ર કે જે પાંચ ક્ષેત્રના પોષક છે, તે તરફ મહારાજશ્રીએ સમાજનું ધ્યાન ખેંચ્યું હતું, ને જોકે જૈનોમાં પૈસાની રેલમછેલ થઇ રહી છે, અને જૈનો પૈસા ખર્ચવામાં દરેક વ્યકિત કરતાં ઘણો આગળ પડતો ભાગ લે છે તેમાં શક નથી. એમ કેટલાકોનું કહેવું ને માનવું છે, પણ હાલ આપણામાં સીજાતા અન્યથી પણ દુ:ખી થતાં વર્ગો સ્ત્રીઓ અનાથવર્ગો તે તરફ નજર ફેલાવી વિચાર કરવામાં આવે તો આપણે જોઇશું કે તેઓ તરફ જૈનોએ હજુ કાંઇ કર્યું નથી. આજકાલ દરેક કોમમાં અનાથાશ્રમો ખોલાયા છે, ને તેમાં ઘણી સ્ત્રીઓ કે જેઓ નિરૂદ્યમી વખત ગાળતી હતી, તેઓ કર્તવ્ય બજાવવા તૈયાર થઇ રહી છે, ને જૈનસમાજમાં જે અનાથ સ્ત્રી વર્ગ છે તે કાંઇ પણ સાધન ન હોવાથી વગર ઉદ્યમે વખત ગાળે છે. તે તરફ સંઘનું કંઇ લક્ષ જોઇએ તેવું નથી, આ દીલગીર થવા જેવું છે. આવા ઉજમણા સ્નાત્ર મહોત્સવો જે થાય છે તે જ્ઞાન. દર્શન, ને ચારીત્રની પ્રાપ્તિનાં સાધનો છે. તેથી જેમ ઉત્તમ કરણીએ પોતાનું સાધ્યને મેળવી શકે છે, તેમ આ પ્રસંગે જ્ઞાન, દર્શન, ચારીત્ર, રૂપ, રત્નત્રયની આરાધના માટે અનાથ અબળાઓનાં સાધન સારૂ કંઇ ગોઠવણ થવી જોઈએ. એવા પ્રકારનો પોતાની બુદ્ધિબળથી ઘણો ઉપદેશ કર્યો હતો. જેના પરિણામે ત્યાંજ સભા વચ્ચે તેઓશ્રીના ઉપદેશની અસર થતાં રૂા. ૧૫૦૧ ની રકમ ઝવેરી નગીનચંદ કપુરચંદના વિધવા બાઇ રૂક્ષ્મણીબાઇએ અનાથ અબળાઓ માટે મદદ સારૂ જાહેર કરવા જણાવ્યું ને બીજા જવેરી તલકચંદ માસ્તરના પુત્ર સૌભાગ્યભાઇનાં વીધવા બ્હેન પરશનબાઇએ પણ રૂા. ૧૫૦૧ ની રકમ જાહેર કરી હતી. ને ત્રીજા બાઇ તે સરસ્વતી તે ઝવેરી ઉત્તમચંદ મુલચંદની વીધવાએ રૂા. ૧૫૦૧ ની રકમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાહેર કરી હતી. ત્યારબાદ શા. પાનાચંદ તારાચંદનાં ધણીઆણી સૌ. બાઇ હીરાકોર બેને રૂ. ૨૫—૦—૦ ની રકમ સભામાં અનાથ અબળાઓ માટે જાહેર થઇ હતી. ને હજુ પણ સુરતમાં આ ખાતાને માટે વાત ચરચાઇ રહી છે.

# વર્તમાન સમાચાર.

## મુનિ વિહારથી થતા લાભો.

૧૦૮ પ્રસિદ્ધ વક્તા શ્રીમાન વલ્લભવિજયજી મહારાજના શિષ્ય મુનિ શ્રી લલિતવિજયજી આદિ સાધુઓ સુરતથી વિહાર કરી નવસારી તરફ પધાર્યા છે. રસ્તાના ભેસ્તાન ગામમાં માત્ર શ્રાવકનાં બે ઘરો હોવા છતાં ઇતર દર્શનીયોના અતિ આગ્રહથી ત્યાં બે દિવસ સ્થિરતા કરવી પડી હતી. ત્યાં બે દિવસ ઉપદેશ કરવામા આવ્યો હતો, જેથી અન્ય દર્શનીયોને શંકા સમાધાન થતાં બહુજ ખુશી થયા હતા અને મુનિઓની ઘણી ભક્તિ કરી હતી. ત્યાંથી મહા વદી ૧૧ ના રોજ વાંક ગામે પધાર્યા છે. (મળેલું.)

## પાલનપુરમાં દિક્ષામહોત્સવ.

માહા શુદ ૧૩ ના રોજ પાલનપુરમાં અમદાવાદ નિવાસી શા. રતીલાલ મગનલાલે પન્યાસજી શ્રી સૌભાગ્યવિમલજી મહારાજ પાસે ચારિત્ર ગ્રહણ કર્યું છે. તેમનું નામ રવિવિમલજી રાખવામાં આવેલ છે.

## શહેર ભાવનગરમાં શેઠ ત્રિભુવનદાસ ભાણજી જૈન કન્યાશાળાનું મકાન ખુલ્લુ મૂકવાની કરવામાં આવેલી ક્રીયા.

આ શહેરમાં શ્રી છઠ્ઠી શ્વેતાંબર જૈન કોન્ફરન્સનું સંમેલન થયું તે વખતે આ કન્યાશાળાની સ્થાપના શેઠ ત્રિભુવનદાસ ભાણજીના તરફથી કરવામાં આવેલી હતી. હાલમાં ઉક્ત શાળાને માટે અત્રેના નામદાર મહારાજા તરફથી બક્ષીશ મળેલ જમીન ઉપર એ સુશોભિત મકાન સ્થાપક તરફથી બાંધવામાં આવ્યું હતું. ને ખુલ્લી મુકવાની ક્રિયા તા. ૧=૩=૧૯૧૫ ફાગણ શુદ ૧૫ સોમવાર નારોજ નામદાર કૃપાળુ મહારાણી સાહેબ નંદકુંવરબા સાહેબ સી. આઇના મુબારક હાથે કરવામાં આવી હતી. ઉક્ત શાળાના મકાનની સામે એક સુંદર સમીયાણો ઉભો કરવામાં આવ્યો હતો. નામદાર મહારાજા સાહેબ, રાજ્યના તમામ અધિકારી મંડળ, શહેરના વ્યાપારી વર્ગ, સ્કુલના માસ્તરો અને જૈન વર્ગના ગ્રહસ્થોથી સમીયાણો ચિકાર ભરાઇ ગયો હતો. સવારના નવ વાગે નામદાર મહારાજા સાહેબ અને નામદાર રાણી સાહેબ પધાર્યા બાદ મેળાવડાનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું. પ્રથમ મંગળાચરણ વગેરે કર્યા બાદ શેઠ નરોત્તમદાસ ભાણજીએ નામદાર મહારાણી સાહેબનાં ગુણગ્રામ કરતાં કન્યાશાળા ખોલવા માટે વિનંતિ કરતાં કૃપાળુ મહારાણી સાહેબે એક સરસ ભાષણ કર્યા બાદ તેમજ કન્યાઓ વગેરેને ઇનામો વહેંચ્યા બાદ મકાન ખોલેલું જાહેર કર્યું હતું. ત્યારબાદ કન્યાશાળાનું મકાન સર્વેએ જોયું હતું, ત્યારબાદ ફૂલહાર વગેરે લઇ મેળાવડો વિસર્જન થયો હતો. આ શાળા માટે શુમારે ચાળીશ હજારથી પચાસ હજાર રૂપિયાની રકમ કુળ આપવામાં આવેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લોકમાન્ય મહાન નર ઓનરેબલ મી. ગોખલેનો સ્વર્ગવાસ.

નિઃસ્વાર્થ દેશભક્ત, મહાન ઉપકારી અદ્વિતિય નર રત્ન ઓનરેબલ મી. ગોખલે સી. આઇ. ઇ. નું ૪૮ વર્ષની નાની ઉમરે અકાલે થયેલ મૃત્યુથી દેશમાં ચોતરફ દિલગીરીની ભારી લાગણી ફેલાઇ રહી છે. મી. ગોખલેએ પોતાનું જીવન ધનના કે કીર્તિના લોભ વગર મહાન કૃપાળુ બ્રીટીશ રાજ્ય અને હિંદની પ્રજા બંનેનો પ્રેમ સંપાદન કરી બંને વચેનો સ્નેહ સંબંધ સાચવી દેશની અડગપણે સેવા બજાવી છે જે અપૂર્વ છે. અત્યારે તો ખરેખરી રીતે હિંદને એક મહાન પુરૂષની ખોટ પડી છે. દરેક ગામે દરેક કોમે દરેક ધર્મીઓએ તેઓના સ્વર્ગવાસથી સરખી રીતે અશ્રુ રેડ્યાં છે. મહાન કૃપાળુ શ્રીમાન શાહેનશાહે તેમજ હિંદના મુખ્ય મુખ્ય સત્તાધિશોએ પણ આ મહાન પુરૂષને માટે દિલગીરી દર્શાવી છે. રાજા અને પ્રજા ઉભયનો એક સરખો વિશ્વાસ અને પ્રેમ પ્રાપ્ત કરી શકવા માટે મરહુમનું જીવન ખાસ અનુકરણીય છે. દેશનું કલ્યાણ કરવામાં એ સ્વર્ગવાસી આત્માએ સ્વાર્થનો ભોગ આપ્યો છે. છેવટે પરમાત્મા પાસે એટલી જ પ્રાર્થના કરીશું કે આવા નરરત્નો હિંદ પ્રાપ્ત કરે અને એ પરલોકવાસીના પવિત્ર આત્માને પરમશાંતિ મળે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ માસમાં નવા દાખલ થયેલા માનવંતા મેમ્બરો.

૧ વોરા ચંદુલાલ પુનમચંદ રે. પાટણ હાલ ભાવનગર. પે. વ. વાર્ષિક મેમ્બર.

# આ સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું અને હાલમા છપાતા ઉપયોગી ગ્રંથો.

## તેમાં થતો જતો સંખ્યાબંધ વધારો.

## માગધી—સંસ્કૃત મૂળ, અવચૂરિ ટીકાના ગ્રંથો.

| | |
|---|---|
| ૧ "સત્તરીસય ઠાણુ સટીક" | શા. ચુનીલાલ ખુબચંદ પાટણવાળા તરફથી. |
| ૨ "સિદ્ધ પ્રાભૃત સટીક" | પ્રાંતીજવાળા શેઠ કરમચંદની બીજી સ્ત્રીનાસ્મરણાર્થે હા. શેઠ મગનલાલ કરમચંદ તરફથી. |
| ૩ "પ્રતિક્રમણ ગર્ભ હેતુ" | શા. હીરાચંદ ગહેલચંદની દીકરી બેન પશીબાઇ પાટણવાળા તરફથી. |
| ૪ "દાન પ્રદીપ" | શા. મુળજી ધરમશી તથા દુર્લભજી ધરમશી પોરબંદરવાળા તરફથી. |
| ૫ "મહાવીર ચરિત્ર" શ્રી નેમિચંદ્રસૂરિ કૃત. | શા. જીવરાજ મોતીચંદ તથા પ્રેમજી ધરમશી પોરબંદરવાળા તરફથી. શા. મુળજી ધરમશીના સ્મરણાર્થે. |
| ૬ "સંબોધ સિત્તરી સટીક" | શા. કલ્યાણજી ખુશાલ વેરાવળવાળા તરફથી. |
| ૭ "સમયસાર પ્રકરણ સટીક" | શેઠ મોતીચંદ દેવચંદ માંગરોળવાળા તરફથી. |
| ૮ "ગુરૂગુણષટ ત્રિંશિંકા સટીક" | શા. સોમચંદ ઊત્તમચંદ માંગરોળવાળા તર. |
| ૯ "ષટસ્થાનક પ્ર—સટીક" | શા. પ્રેમજી નાગરદાસની માતુશ્રી બાઇ રળીયાત બાઇ માંગરોળવાળા તરફથી. |
| ૧૦ "ચૈત્યવંદન મહાભાષ્ય" | શા. કુલચંદ વેલજી માંગરોળવાળા તરફથી. |
| ૧૧ "સુમુખાદિમિત્ર ચતુષ્ક કથા" | શા. ઉત્તમચંદ હીરજી પ્રભાસપાટણવાળા તર. |
| ૧૨ "ષડાવશ્યક વૃત્તિ નમિસા—કૃત" | શા. હરખચંદ મકનજી પ્રભાસપાટણવાળા ત. |
| ૧૩ "પેથડ ઝાંઝણ પ્રબંધ" | શા. મોહનદાસ વસનજી પોરબંદરવાળા તર. |
| ૧૪ "પુન્યધન ચરિત્ર" | શા. મનસુખભાઇ લલ્લુભાઇ પેથાપુરવાળા તર. |
| ૧૫ "કુમારપાળ પ્રબંધ" (શ્રી જિન મંડનગણી કૃત) | શેઠ લલ્લુભાઇ નથુભાઇ પાટણવાળા તરફથી. |
| ૧૬ "સંસ્તારક પ્રકીર્ણ સટીક" | શા. ધરમશી ગોવીંદજી માંગરોળવાળા તરફથી. |
| ૧૭ "શ્રાવકધર્મ વિવિધ પ્રકરણ સટીક" | શા. જમનાદાસ મોરારજી માંગરોળવાળા ત. |

૧૮ " અષ્ટકજી, ઉપાધ્યાયજી મહારાજશ્રી યશોવિજયજીકૃત મૂલ; અને શ્રીમદ્ દેવચંદ્રજી માહાજકૃત જ્ઞાનમંજરી ટીકા સહિત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

૧૯ " કલ્પસૂત્ર સુબોધિક ટીકા " શાહ ચુનીલાલ સાકરચંદ પાટણવાળા તરફથી.

૨૦ " પ્રાચીન ચાર કર્મ ગ્રંથ ટીકા સાથે" શેઠ પ્રેમચંદ ઝવેરચંદ પાટણવાળા તરફથી.

૨૧ " ધર્મ પરીક્ષા શ્રીજિનમંડણગણીકૃત" બે શ્રાવિકાઓ પાટણ તરફથી.

૨૨ " સમાચારી સટીક શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયજી કૃત" શા. લલ્લુભાઈ ખુબચંદની વિધવા બેન મેનાબાઈ પાટણવાળા તરફથી.

૨૩ " ઉપદેશ સપ્તતિકા " બ્હેન વીજળીબાઇ વડોદાવાળા તરફથી.

૨૪ " પંચ નિગ્રંથી સાવચૂરિ.

૨૫ " પર્યન્ત આરાધના સાવચૂરિ.

૨૬ " પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી સાવચૂરિ.

૨૭ " બંધોદય સત્તા પ્રકરણ સાવચૂરિ.

## હાલમાં નવા ગ્રંથોની થયેલી યોજના.

૨૮ "પંચ સંગ્રહ" શેઠ રતનજી વીરજી ભાવનગરવાળા તરફથી.

૨૯ "ષડ્દર્શન સમુચ્ચય." શેઠ જીવણભાઇ જેચંદ. ઘોઘાવાળા તરફથી.

૩૦ "શ્રાદ્ધવિધિ." "

૩૧ "પ્રતિમા શતક લઘુ ટીકા." શા. ગોવિંદજી વિઠ્ઠલદાસ વાળુકડવાળા તરફથી.

૩૨ "બૃહતસંઘેયણી જિનભદ્રગણિ" ક્ષમાશ્રમણ કૃત. એક સભા તરફથી

૩૩ "જીવાનુશાસન સટીક." શા. મગનચંદ ઉમેદચંદની વિધવા બાઇ ચંદન પાટણવાલા તરફથી.

૩૪ "શ્રી નેમિનાથ મહાકાવ્ય કીર્તિરાજ ઉપાધ્યાયજી કૃત." એક શ્રાવક તરફથી.

૩૫ "ક્ષેત્ર સમાસટીકા"–શેઠ અમૃતલાલ છગનલાલ ભાવનગરવાળા તરફથી.

૩૬ """કુવલયમાલા (સંસ્કૃત)"

૩૭ "શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર" શ્રીમદ્ ભાવવિજયજી ગણીકૃત ટીકા. બાબુ સાહેબ ચુનીલાલજી પન્નાલાલજી મુંબઈવાળા તરફથી.

## એકલા ભાષાંતરના છપાતા ગ્રંથો.

૩૮ "શ્રાદ્ધગુણ વિવરણ" (ભાષાંતર) વોરા હઠીસંગભાઈ ઝવેરચંદ ભાવનગરવાળા ત.

૩૯ "તપાવલી ( તપ મહોદધિ )" શેઠ આણંદજી પુરૂષોતમના તરફથી.

૪૦ "પૂજા સંગ્રહ" પૂજ્યપાદ ન્યાયાંભોનિધિ શ્રીમદ્ વિજયાનંદસૂરિ ( આત્મારામજી મહારાજ કૃત) તથા મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજ કૃત. )

ઉપરના ગ્રંથો પૈકી કેટલાએક ગ્રંથો છપાવવા શરૂ થયા છે અને કેટલાએક ગ્રંથોની પ્રેસકોપીઓ તૈયાર થઇ છે. તે હવે પછી પ્રેસમાં મોકલવાના છે, તેમજ નવા બીજા ગ્રંથોની પણ યોજના થાય છે, તેની પણ જાહેરખબર હવે આપવામાં આવશે.

For Private And Personal Use Only